" રવિવારની સાપ્તાહિક પૂર્તિ "
રસધાર

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -10 | Issue-04 | AD -2026, Bhadarva Vad-09 | Sunday, Dt. 04-10-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

# એશિયન ગેમ્સમાં પાકિસ્તાનને ૧૯ રને હરાવીને ભારતે પુરુષ ક્રિકેટમાં ગોલ્ડ મેડલ જીત્યો

નવી દિલ્હી, તા.૦૩

એશિયન ગેમ્સની પુરુષ ક્રિકેટ ફાઈનલમાં ભારતે પાકિસ્તાનને ૧૯ રને હરાવીને સુવર્ણ ચંદક પોતાના નામે કર્યો છે. અગાઉ મહિલા ટીમે પણ ગોલ્ડ મેડલ જીત્યો હતો.

ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરતા ભારતે શ્રેયસ ઐયરની કેપ્ટનશીપ હેઠળ ૨૦ ઓવરમાં ૨૧૧ રન બનાવ્યા હતા. ભારત તરફથી અભિષેક શર્માએ આક્રમક ૨૮ બોલમાં ૬૧ રન અને તિલક વર્માએ ૨૨ બોલમાં અણનમ ૫૧ રન બનાવ્યા હતા. લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી પાકિસ્તાનની ટીમ ૨૦ ઓવરમાં ૧૯૨ રન જ બનાવી શકી હતી. ભારત માટે અક્ષર પટેલ, વોશિંગ્ટન સુંદર અને શિવમ દુબેએ ૨-૨ વિકેટ ઝડપી હતી. મેચ દરમિયાન ઈશાન કિશને વર્ષ ૨૦૨૬માં ટી૨૦ આંતરરાષ્ટ્રીયમાં ૧,૦૦૦ રન પૂરા કર્યા. સૂર્યકુમાર યાદવ પછી એક જ કેલેન્ડર વર્ષમાં આ સિદ્ધિ મેળવનાર તે બીજો ભારતીય બેટ્સમેન બન્યો છે. પાકિસ્તાને સિલ્વર જ્યારે શ્રીલંકાએ બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.














## પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ



જીવન એવું જીવી ગયા કે જીવનારા જોયા કરે,
કર્મ સદા એવા કર્યા સૌ યાદ કરે,
ધર્મ કદી ભૂલ્યા નહી, વ્યવહાર કદી ચૂકયા નહી,
સુખ દુઃખમાં સદા હસતા રહયા.
આપની હયાતી આપના કુટુંબ માટે પ્રેરણા હતી,
આપનો ધર્મપ્રિય, પરોપકારી અને
માયાળુ સ્વભાવ હંમેશા અમારા જીવનમાં
યાદોની સંજીવની બની રહેશે.
ભગવાન આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.......

**સ્વ. બાવાભાઈ ભીખાભાઈ મોવલીયા** - (ઉ. વ. 78)

નાની કુંકાવાવ સ્વ. આસો સુદ - બારસ,
શનિવાર - તા. 04/10/2025

### શોકાતુર

**ગં.સ્વ. જયાબેન બાવાભાઈ મોવલીયા**

વસંતભાઈ બાવાભાઈ મોવલીયા
જલ્પેશભાઈ બાવાભાઈ મોવલીયા
વર્ષિલ વસંતભાઈ મોવલીયા
ધ્રુવિલ વસંતભાઈ મોવલીયા
નંદીશ જલ્પેશભાઈ મોવલીયા
સુરેશભાઈ જાગાભાઈ સતાસીયા - જમાઈ
હરેશભાઈ લાલજીભાઈ કસવાળા જમાઈ
ઘનશ્યામભાઈ ચતુરભાઈ બોરડ -ભાણેજ
મનોજભાઈ ચતુરભાઈ બોરડ - ભાણેજ
નીતેશભાઈ મનસુખભાઈ કસવાળા - ભાણેજ
જગદિશભાઈ મનસુખભાઈ કસવાળા - ભાણેજ

રસીલાબેન વસંતભાઈ મોવલીયા
રેખાબેન જલ્પેશભાઈ મોવલીયા
ઋત્વિ વર્ષિલ મોવલીયા
ચાર્મી જલ્પેશભાઈ મોવલીયા
રિજલ નિલેશભાઈ મોવલીયા
હંસાબેન સુરેશભાઈ સતાસીયા
લક્ષ્મીબેન હરેશભાઈ કસવાળા
પારૂલબેન ઘનશ્યામભાઈ બોરડ
દિશાબેન મનોજભાઈ બોરડ
શિલ્પાબેન નીતેશભાઈ કસવાળા
અંકિતાબેન જગદિશભાઈ કસવાળા

**ગં.સ્વ. હેમાબેન ગોવિંદભાઈ મોવલીયા**

કિશોરભાઈ ભીખાભાઈ મોવલીયા
શેલેષભાઈ ગોવિંદભાઈ મોવલીયા
નિલેષભાઈ ગોવિંદભાઈ મોવલીયા
રાકેશભાઈ કિશોરભાઈ મોવલીયા
ડો. આનંદ કિશોરભાઈ મોવલીયા
દિપેનભાઈ શેલેષભાઈ મોવલીયા
રૂષીલ રાકેશભાઈ મોવલીયા
જીગ્નેશભાઈ નંદલાલભાઈ ગજેરા - જમાઈ
રાકેશભાઈ રમેશભાઈ રામાણી - જમાઈ
દ્વારકેશભાઈ સવજીભાઈ બાંભરોલીયા - જમાઈ
શૈલેષભાઈ ભગવાનભાઈ નાકરાણી - જમાઈ

**ગં.સ્વ. રીટાબેન કાંતીભાઈ મોવલીયા**

કાંતાબેન કિશોરભાઈ મોવલીયા
રાજેશ્રીબેન શૈલેષભાઈ મોવલીયા
રેખાબેન નિલેષભાઈ મોવલીયા
અસ્મીતાબેન રાકેશભાઈ મોવલીયા
ડો. બેલા આનંદ મોવલીયા
જૈનીબેન દિપેનભાઈ મોવલીયા
અરનવ આનંદભાઈ મોવલીયા
હિરલબેન જીગ્નેશભાઈ ગજેરા
ખુશ્બુબેન રાકેશભાઈ રામાણી
દિવ્યાબેન દ્વારકેશભાઈ બાંભરોલીયા
અનસોયાબેન શૈલેષભાઈ નાકરાણી

પાંચાભાઈ મુળજીભાઈ મોવલીયા
કાંતિભાઈ આંબાભાઈ મોવલીયા
જયંતિભાઈ આંબાભાઈ મોવલીયા

જયસુખભાઈ આંબાભાઈ મોવલીયા
અરવિંદભાઈ પાંચાભાઈ મોવલીયા
ભુપતભાઈ શંભુભાઈ મોવલીયા

ગોબરભાઈ પરબતભાઈ મોવલીયા
જગાભાઈ હિરાભાઈ મોવલીયા
ધીરૂભાઈ હિરાભાઈ મોવલીયા

હર્ષદભાઈ હિરાભાઈ મોવલીયા
વિઠ્ઠલભાઈ ઠાકરશીભાઈ મોવલીયા
સુરેશભાઈ ઘુસાભાઈ મોવલીયા

હસરાજભાઈ ભગવાનભાઈ મોવલીયા
નાગજીભાઈ અરજણભાઈ મોવલીયા
રમેશભાઈ ખીમજીભાઈ મોવલીયા
વિનુભાઈ બચુભાઈ મોવલીયા

**સમસ્ત મોવલીયા પરિવારના જય શ્રી કૃષ્ણ**

સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
રવિવાર, તા.૦૪-૧૦-૨૦૨૬

### રાજ્યમંત્રી કૌશિક વેકરીયાના હસ્તે વિકાસકામનો પ્રારંભ, ૩.૫ કિમીના માર્ગથી ગ્રામ્ય વાહનવ્યવહાર વધુ સુગમ બનશે

# તરકતળાવ-દેવરાજીયા માર્ગના રૂ.૧.૭૦ કરોડના રિસર્ફેસિંગ કામનું ખાતમુહૂર્ત

અમરેલી,તા.૦૩

અમરેલી જિલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં રસ્તાઓનું નેટવર્ક મજબૂત બનાવવાના અને વાહનવ્યવહાર વધુ સુગમ બનાવવાના હેતુથી રાજ્ય સરકાર દ્વારા વિકાસકામો હાથ ધરવામાં આવી રહ્યા છે. આ અંતર્ગત આજરોજ કાયદો અને ઊર્જા રાજ્યમંત્રી કૌશિક વેકરીયાના હસ્તે અમરેલીના તરકતળાવ મુકામે મહત્વપૂર્ણ માર્ગના વિકાસકામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. તરકતળાવથી દેવરાજીયા સુધીના અંદાજે ૩.૫ કિલોમીટર લાંબા ગ્રામ્ય રસ્તાના રિસર્ફેસિંગની કામગીરી હાથ ધરવામાં આવનાર છે.લાંબા સમયથી સ્થાનિક લોકો દ્વારા આ માર્ગને વધુ સારો બનાવવાની માંગણી કરવામાં આવી રહી હતી. હવે આ માર્ગનું કામ





શરૂ થતાં બંને ગામો વચ્ચેનો તેમજ આસપાસના વિસ્તારનો વાહનવ્યવહાર વધુ ઝડપી અને સુગમ બનશે. રસ્તો મજબૂત બનવાથી ખેડૂતો અને ગ્રામજનોને પણ આવનજાવનમાં સરળતા રહેશે.રાજ્યમંત્રી કૌશિક વેકરીયાએ જણાવ્યું હતું કે, છેવાડાના ગામડાઓને પાકા રસ્તાથી જોડવા એ સરકારની પ્રાથમિકતા છે. તરકતળાવ-દેવરાજીયા રોડના રિસર્ફેસિંગથી સ્થાનિક ખેડૂતો અને નાગરિકોના સમય અને ઈંધણની બચત થશે. અમરેલી તાલુકામાં અનેક વિકાસકામો પૂર્ણ કરવામાં આવ્યા છે અને અનેક વિકાસ પ્રકલ્પો હાલ પ્રગતિ હેઠળ છે તેમ તેમણે જણાવ્યું હતું.આ માર્ગના આધુનિકીકરણ માટે માર્ગ અને મકાન વિભાગ પંચાયત હેઠળની ગ્રાન્ટ અંતર્ગત આયોજન કરવામાં આવ્યુ છે. સમગ્ર માર્ગના રિસર્ફેસિંગ માટે અંદાજે રૂ.૧.૭૦ કરોડ જેટલી માતબર રકમની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. રસ્તાની કામગીરી ગુણવત્તાયુક્ત રહે અને ચોમાસા દરમિયાન પણ માર્ગ સુરક્ષિત રહે તે પ્રકારનું આયોજન કરવામાં આવ્યુ છે.ખાતમુહૂર્ત પ્રસંગે અમરેલી તાલુકાના હોદ્દેદારો, સ્થાનિક આગેવાનો, તરકતળાવ સરપંચ અને પંચાયત સભ્યો સહિતના આગેવાનો તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## જાફરાબાદના વરાહસ્વરૂપ ગામે શોર્ટ સર્કિટથી બાઈકમાં આગ

જાફરાબાદ, તા. ૦૩

જાફરાબાદના વરાહસ્વરૂપ ગામે શોર્ટ સર્કિટના કારણે બાઈકમાં આગ લાગતાં તે બળીને ખાખ થઈ ગયું હતું. બનાવ અંગે બચુભાઈ દેવાતભાઈ શિયાળ (ઉં.વ. ૪૩)એ જાહેર કર્યા મુજબ, તેઓ પોતાનું બાઈક લઈને બાબરકોટથી નોકરી પૂરી કરીને ઘરે આવ્યા હતા અને ઘરની સામે રોડ પર પાર્ક કર્યું હતું.

દરમિયાન રાત્રિના સમયે અચાનક શોર્ટ સર્કિટથી આગ લાગતાં રૂ. ૩૫,૦૦૦નું નુકસાન થયું હતું. આ અંગે જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ રમેશભાઈ બીજલભાઈ સોલંકી વધુ તપાસ ચલાવી રહ્યા છે.

## બાબરા નગરપાલિકામાં ભ્રષ્ટાચાર સામે આમ આદમી પાર્ટીનો વિરોધ

બાબરા,તા.૦૩

બાબરા નગરપાલિકા વિસ્તારમાં બગડેલા રસ્તાઓ અને ઉભરાતા ગટરના ગંદા પાણી જેવી પ્રાથમિક સુવિધાઓના અભાવ સામે આમ આદમી પાર્ટી દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો. નગરપાલિકાના વહીવટ સામે શહેરના વિવિધ જાહેર સ્થળો અને મુખ્ય માર્ગો પર



તસવીર : દિપક કનૈયા

બેનરો લગાવવામાં આવ્યા હતા. કાર્યક્રમ બાબરા શહેર પ્રમુખ મિહિરભાઈ તેરૈયાની આગેવાની હેઠળ યોજાયો હતો. જેમાં લાઠી વિધાનસભાના સંગઠન મંત્રી રાજુભાઈ ખાતરોજા, કૌશિકભાઈ ભરાડ, ડાયાભાઈ કારેટિયા, મહેબૂબભાઈ મતૈર, હનીફભાઈ સૈયદ તેમજ STI જે.ડી. કથીરીયા ઉપસ્થિત રહ્યા હતા. આગેવાનોએ જણાવ્યું હતું કે નાગરિકો બગડેલા રોડ અને ખુલ્લી ગટરોથી પરેશાન છે. પાલિકા દ્વારા તાત્કાલિક યોગ્ય કામગીરી કરવામાં નહીં આવે તો આંદોલન વધુ તેજ કરવામાં આવશે.

## સા.કુંડલામાં યુવક ઘરે આવીને સૂઈ ગયા બાદ ઊઠયો જ નહી

સાવરકુંડલા,તા.૦૩

સાવરકુંડલામાં રહેતો એક યુવક ઘરે આવીને સૂતા પછી ઊઠયો જ નહોતો. બનાવ અંગે હીરેનભાઈ હરેશભાઈ બગડા (ઉં.વ.૩૪)એ જાહેર કર્યા મુજબ, તેમના ભાઈ ગૌતમભાઈ હરેશભાઈ બગડા (ઉં.વ. ૩૮) બપોરે ૨ વાગ્યાની આસપાસ ઘરે આવીને સૂઈ ગયા હતા. ત્યારબાદ સાંજે ૬ વાગ્યે તેમના પિતા તેમને જગાડવા જતાં તેઓ ઊઠયા જ નહોતા. કોઈ અગમ્ય કારણોસર તેમનું મોત નીપજ્યું હતું.

આ અંગે સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એન. એન. ખસતીયા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

## અમરેલીમાં વીજ ટ્રાન્સફોર્મરો ફરતે બેરીકેટીંગ કરવા પાલિકાની માંગણી

**કચરાના ઢગલા અને સફાઈ કર્મચારીઓની સલામતીના પ્રશ્નને લઈ પીજીવીસીએલને પત્ર પાઠવ્યો**

અમરેલી,તા.૦૩

અમરેલી નગરપાલિકા દ્વારા તા. ૦૩ના રોજ કાર્યપાલક ઈજનેર, પીજીવીસીએલ કચેરી અમરેલીને એક પત્ર લખવામાં આવેલ છે. પત્રમાં જણાવ્યું છે કે શહેરના જુદા જુદા વિસ્તારોમાં આવેલા વીજ ટ્રાન્સફોર્મરો જાહેર માર્ગો, રહેણાંક વિસ્તારો અને દુકાનો પાસે આવેલ છે, ત્યાં યોગ્ય સુરક્ષા ન હોવાથી લોકો કચરો નાખે છે અને ગંદકી થાય છે. સફાઈ કર્મચારીઓને કામ દરમિયાન વીજ ઉપકરણોના સંપર્કમાં આવવાથી વીજશોક લાગવાનો ખતરો રહે છે. તેથી ટ્રાન્સફોર્મર ફરતે મજબુત બેરીકેટીંગ કે કેજ બનાવવા, જરૂરી જગ્યાએ ગેટ રાખવા તથા "DANGER" ના બોર્ડ લગાવવા વિનંતી કરાઈ છે. ખાસ કરીને શાળા અને બજાર નજીકના ટ્રાન્સફોર્મરને પ્રાથમિકતા આપવા કહેવાયું છે. પત્ર અમરેલી નગરપાલિકા પ્રમુખ વૈશાલીબેન માંગરોળીયાએ પીજીવીસીએલ સહિત રાજયના ઉર્જામંત્રીને પણ નકલ મોકલી છે.

## લાઠી-બાબરા તાલુકામાં ફટાકડાના વેચાણ માટે લાયસન્સ મેળવવા અરજી

અમરેલી,તા.૦૩

લાઠી સબ ડિવિઝનમાં આવતા લાઠી અને બાબરા તાલુકામાં દિવાળી દરમિયાન હંગામી ફટાકડાના વેચાણ માટે લાયસન્સ મેળવવા ઈચ્છુક વેપારીઓને તા.૨૧ ઓક્ટોબર સુધીમાં અરજી કરવા જણાવાયુ છે. ફટાકડાના વેચાણ સ્થળે રહેણાંક મકાન સહિત અન્ય સ્થળોથી ઓછામાં ઓછું ૫૦ મીટરનું અંતર રાખવાનું રહેશે. અરજદારોએ ફોર્મ એ.ઈ.૦૫માં જરૂરી વિગતો સાથે અરજી કરવાની રહેશે. અરજી સાથે સ્થળનો નકશો, માલિકી અથવા ભાડા હક્કના પુરાવા, રૂ.૯૦૦ની લાયસન્સ ફીની ચલણ નકલ તથા જરૂરી દસ્તાવેજો જોડવાના રહેશે. અધુરી વિગતોવાળી અરજી ધ્યાને લેવામાં નહીં આવે તેમ સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, લાઠીએ જણાવ્યુ છે.

## લાઠીમાં મહાકાળી નાટ્ય મંડળ દ્વારા નવરાત્રીમાં નાટકો ભજવાશે, દાન જીવદયા માટે વપરાશે

લાઠી,તા.૦૩

અમરેલી જિલ્લાના લાઠી ખાતે આવેલું 'મહાકાળી નાટ્ય મંડળ' વર્ષો જૂની પરંપરા જાળવી રાખીને નવરાત્રીના દસેય દિવસ દેશના વીર શહીદો અને ઐતિહાસિક વિષયો પર આધારિત નાટકોનું મંચન કરે છે. આ નાટ્ય મંડળના ૫૦થી ૬૦ કલાકારોની ટીમ દ્વારા દરરોજ જુદા જુદા નાટકો રજૂ કરવામાં આવે છે. આ નાટકોના પ્રદર્શન દરમિયાન દર્શકો તરફથી મળતી તમામ દાન-દક્ષિણાની રકમનો ઉપયોગ કલાકારો પોતાના અંગત હિત માટે કરવાને બદલે સંપૂર્ણપણે અબોલ પશુઓના ઘાસચારા અને પક્ષીઓની ચણ પાછળ ખર્ચીને અનોખી જીવદયા દાખવે છે. આ ઉપરાંત, દૂર-સુદૂર વસતા નાટ્યરસિકો પણ ઘરે બેઠા આ પ્રસ્તુતિઓ નિહાળી શકે તે માટે યુટ્યુબ પર 'શ્રી મહાકાળી નાટ્ય મંડળ લાઠી' ચેનલ મારફતે તમામ નાટકો ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે.




## વડિયાના ખડખડ ગામની સીમમાંથી પરપ્રાંતીય સગીરાને યુવક ભગાડી ગયો

**સગીરાના પિતાએ વડિયા પોલીસ સ્ટેશનમાં યુવક સામે ફરિયાદ નોંધાવી**

વડિયા, તા. ૦૩

વડિયાના ખડખડ ગામની સીમમાંથી પરપ્રાંતીય સગીરાને એક યુવક ભગાડી ગયો હોવાનો બનાવ સામે આવ્યો છે. આ અંગે સગીરાના પિતાએ શૈલેષ રામલાલ નામના યુવક સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ, આરોપી તેમની સગીર દીકરીને લલચાવી, ફોસલાવી તેમજ લગ્ન કરવાના અને બદકામ કરવાના ઈરાદે કાયદેસરના વાલીપણામાંથી ભગાડી ગયો હતો. આ બનાવ અંગે વડિયા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પી.આઈ. પી.ડી. ગોહિલ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

## સિંહણના હુમલામાં ઈજાગ્રસ્ત થયેલા લોકોની રાજ્યમંત્રી કૌશિક વેકરીયાએ મુલાકાત કરી

અમરેલી,તા.૦૩

વડીયા તાલુકાના અરજણસુખ અને તોરી વિસ્તારમાં સિંહણના હુમલાની ઘટનાઓ બનતા એક વનકર્મી સહિત પાંચ લોકો ઘાયલ થયા હતા. તમામ ઘાયલોને સારવાર માટે અમરેલીની શાંતાબા સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. રાજ્યના કાયદો અને ઊર્જા રાજ્યમંત્રી



કૌશિક વેકરીયાએ હોસ્પિટલની મુલાકાત લઈ ઘાયલોની ખબરઅંતર પુછી પરિવારજનોને આશ્વાસન આપ્યુ હતું. વનકર્મી અનિરુધ્ધ વાળાએ મંત્રીને જણાવ્યુ કે, અમે સિંહણનો પીછો કરી રહ્યા હતા ત્યારે તેણે મારા હાથ પર મોઢું મારી દીધું અને બેસી ગઈ હતી. સ્ટાફે લાકડી મારતા તે ઉભી થઈને ચાલી ગઈ હતી. મંત્રીએ તબીબી સ્ટાફને ઘાયલોને સારી સારવાર આપવા સુચના આપી હતી. તેમજ વન વિભાગના અધિકારીઓને ગ્રામ્ય વિસ્તારોમાં પેટ્રોલિંગ વધારી માનવ-વન્યજીવ સંઘર્ષ રોકવા પગલા લેવા જણાવ્યું હતું.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારુતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)





વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com

### લીલીયાના મહે. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક સાહેબની કોર્ટ, મુ.લીલીયા

ફોજદારી પરચુરણ અરજ નં.૫૪/૨૬
મુદત તારીખ :૧૯/૧૦/૨૦૨૬

અરજદાર : દકુભાઈ વિરજીભાઈ તોગડીયા, ઉ.વ.૬૪
મુ.સાજણટીંબા, તા.લીલીયા જી.અમરેલી

**વિરૂધ્ધ :-**

સામાવાળા : (૧) તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, જન્મ મરણ અધિકારીશ્રી–સાજણટીંબા તા.લીલીયા જી.અમરેલી

અરજદારના વકીલઃ એસ.પી.ભડકોલીયા

**જાહેર નોટીસ**

આથી તમામ લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે, ઉપરોકત કામે અરજદારના વકીલ શ્રી એસ.પી.ભડકોલીયા મારફત અરજદાર દકુભાઈ વિરજીભાઈ તોગડીયા રહે. મુ.સાજણટીંબા, તા.લીલીયા મોટા, જી.અમરેલી વાળાએ તેમના પુત્રી પાયલબેનની જન્મ તારીખઃ૦૧/૦૬/૧૯૯૦ના રોજ સાજણટીંબા મુકામે થયેલ તેમજ તેમના માતાનું નામ હંસાબેન તેમજ પિતાનું નામ દકુભાઈ વિરજીભાઈ તોગડીયા છે તે અંગેની નોંધ કરાવવા હુકમ મેળવવા અત્રેની કોર્ટમાં અરજી આપેલ હોય, તો ઉપરોકત અરજી સામે જો કોઈને વાંધો-તકરાર હોય તો તેઓએ અત્રેની કોર્ટમાં મુદત તા :૧૯/૧૦/૨૦૨૬ ના રોજ સવારના ૧૦:૪૫ કલાકે બીનચુક હાજર રહેવુ, તેમ કરવામાં કસુર કર્યે આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આજ રોજ તારીખ ૦૧ માહે ઓકટોબર સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યા.

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | (કોર્ટનો સિક્કો) હુકમથી |
|---|---|---|
| સહી | સહી | સહી |
| (એસ.જે.મકવાણા) | (જે.પી.મકવાણા) | (એ.એસ.દવે.) |
| આસીસ્ટન્ટ | બેન્ચ કલાર્ક | રજીસ્ટાર |
| | | જયુ.મેજી.ફ.ક.કોર્ટ, લીલીયા |

|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી ૧ા || || શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ||
અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...



યમુના જ્વેલર્સ
(અમરાપુર વાળા)
અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે, આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે યમુના જ્વેલર્સ હવે એક ભવ્ય અને નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.
- શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
- નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જ્વેલરીનો વિશાળ ખજાનો
- પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ
અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.
સ્થળ : દુ.નં. - ૩, પટેલ વાડી શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક, લીલીયા રોડ, અમરેલી.
હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૮૧૪૧૨ ૦૭૭૩૬

## રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે નવા સી.સી. રોડ અને રિસર્ફેસિંગ કામનો પ્રારંભ

# વડિયાના બાંટવા દેવળીમાં રૂ. ૨.૨૫ કરોડના રસ્તાના વિકાસકામોનું ખાતમુહૂર્ત

અમરેલી,તા.૦૩

અમરેલી જિલ્લાના વડીયા તાલુકાના બાંટવા દેવળી મુકામે રસ્તાના વિકાસકામોનું ખાતમુહૂર્ત રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સ્થાનિક આગેવાનો અને ગ્રામજનોએ તેમનું સ્વાગત કર્યુ હતુ. બાંટવા દેવળી ગામથી બરવાળા બાવીસી સુધીના મુખ્ય માર્ગની કનેક્ટિવિટી વધુ સુદ્રઢ બને તે માટે અંદાજે રૂ.૨.૨૫ કરોડના ખર્ચે નવા સી.સી. રોડ અને રોડ રિસર્ફેસિંગના કામો હાથ ધરવામાં આવશે. વિકાસકામ પૂર્ણ થયા બાદ સ્થાનિક વાહનવ્યવહાર વધુ સરળ બનશે અને ચોમાસામાં ગ્રામજનોને પડતી મુશ્કેલીઓમાં પણ ઘટાડો થવાની શક્યતા





છે. આ પ્રસંગે રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું હતું કે અમરેલી જિલ્લામાં વિકાસકામોની ગતિ સતત આગળ વધી રહી છે. રોડ-રસ્તાના નેટવર્કને વધુ આધુનિક બનાવવા સાથે સરકારી પ્રાથમિક શાળાઓના નવા બિલ્ડિંગોનું નિર્માણ કરી શિક્ષણ સુવિધાઓમાં પણ વધારો કરવામાં આવી રહ્યો છે. સરકાર દ્વારા લોકોની પાયાની જરૂરીયાતોને પ્રાથમિકતા આપી કામગીરી કરવામાં આવી રહી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ખેડૂતોને સિંચાઈનું પુરતું પાણી મળી રહે તે માટે પણ વિવિધ કામગીરી ચાલી રહી છે.

જળસંરક્ષણ અભિયાન અંતર્ગત તળાવો ઊંડા ઉતારવાની કામગીરી હાથ ધરાઈ હતી, જેના પરિણામે ભૂગર્ભ જળસ્તરમાં વધારો થયો હોવાનું જણાવાયુ હતું. બાંટવા દેવળી ખાતે યોજાયેલા કાર્યક્રમમાં તાલુકા પંચાયતના હોદ્દેદારો, ગ્રામ પંચાયતના સરપંચ યતિનભાઈ સહિત સ્થાનિક આગેવાનો તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી સાવરકુંડલા તાલુકા શાખા દ્વારા ચક્ષુદાન લેવાયુ

અમરેલી,તા.૦૩



સાવરકુંડલા ખાતે ચક્ષુદાતા ગીરીશકુમાર ધીરજલાલ રૂપારેલના નેત્રદાનથી એક મહત્વની સિદ્ધિ નોંધાઈ છે. ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી સાવરકુંડલા તાલુકા શાખા દ્વારા મેહુલ વ્યાસના માર્ગદર્શન હેઠળ નેત્રદાન કરાવવામાં આવ્યું હતું. ગીરીશકુમાર રૂપારેલના ચક્ષુદાન સાથે સંસ્થાની ચક્ષુદાનની કામગીરી ૭૦૦ સુધી પહોંચી છે. ચક્ષુદાન થકી જરૂરિયાતમંદ લોકોને દ્રષ્ટિ મળી શકે છે. આ સેવા બદલ ચક્ષુદાતા પરિવારને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. સમાજમાં નેત્રદાન અંગે જાગૃતિ વધારવા પણ અપીલ કરવામાં આવી હતી.

## સાવરકુંડલા અને લીલીયામાં 'સ્વચ્છતા હી સેવા' અભિયાન હેઠળ ધારાસભ્ય મહેશભાઈ કસવાલાનું શ્રમદાન

સાવરકુંડલા,તા.૦૩

સાવરકુંડલા વિધાનસભા મતવિસ્તારમાં 'સ્વચ્છતા હી સેવા' અભિયાન અંતર્ગત સાવરકુંડલા શહેરના મણીભાઈ ચોકથી સરદાર સર્કલ સુધી અને લીલીયા તાલુકાના એકલેરા ગામે ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની ઉપસ્થિતિમાં શ્રમદાન કાર્યક્રમ યોજાયો હતો. ધારાસભ્યએ સ્વચ્છ શહેર અને



સ્વસ્થ સમાજ માટે જનસહયોગને અનિવાર્ય ગણાવતા કહ્યું કે સ્વચ્છતા એ માત્ર તંત્રની નહીં પરંતુ દરેક નાગરિકની સહિયારી જવાબદારી છે. આ અભિયાનમાં નગરપાલિકા પ્રમુખ, ચીફ ઓફિસર, શહેર ભાજપ પ્રમુખ, સંગઠનના હોદ્દેદારો, પંચાયતના પ્રતિનિધિઓ તેમજ સફાઈ કર્મચારીઓ જોડાયા હતા. કાર્યક્રમ દરમિયાન નાગરિકો અને વેપારીઓને જાહેર સ્થળોએ કચરો ન ફેંકવા, કચરા કલેક્શન વાહનોનો ઉપયોગ કરવા, સિંગલ યુઝ પ્લાસ્ટિક ટાળવા અને સ્વચ્છતાને માત્ર એક દિવસ પૂરતી સીમિત ન રાખતાં દૈનિક આદત બનાવી સક્રિય જનભાગીદારી નોંધાવવા અનુરોધ કરાયો હતો.

## ખેલ મહાકુંભ-૨૦૨૬માં આંબરડી મા.શાળાના વિદ્યાર્થીઓનો ઉત્કૃષ્ટ દેખાવ

સાવરકુંડલા,તા.૦૩



સાવરકુંડલા તાલુકા કક્ષાના ખેલ મહાકુંભ-૨૦૨૬માં માધ્યમિક શાળા આંબરડીના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ રમતગમત પ્રતિભા દર્શાવી શાળાનું ગૌરવ વધાર્યુ હતું. વોલીબોલ સ્પર્ધામાં શાળાની ટીમે દ્વિતીય સ્થાન મેળવ્યુ હતું. જ્યારે અમાનત રાઠોડે ૮૦૦ મીટર દોડમાં પ્રથમ સ્થાન અને જયદેવ અજાણાએ ચક્રફેંકમાં દ્વિતીય સ્થાન મેળવ્યુ હતું. ખેલાડીઓને અંગ્રેજી વિષયના શિક્ષક પ્રકાશભાઈ માધડે માર્ગદર્શન આપ્યુ હતુ.

આ સિદ્ધિ બદલ આચાર્ય એમ. ડી. માલવિયા તથા મેનેજિંગ ટ્રસ્ટી દિપકભાઈ માલાણીએ ખેલાડીઓ અને શિક્ષકને અભિનંદન પાઠવ્યા હતા.

## બગસરા એસ.ટી. વિભાગે પાંચ માસ પહેલા ખોવાયેલી દસ્તાવેજ ફાઈલ પરત આપી

બગસરા, તા.૦૩

બગસરા એસ.ટી. ડેપો ખાતે માનવતાનું ઉત્તમ ઉદાહરણ જોવા મળ્યું હતું.

અરજણસુખ ગામના રમેશભાઈ સાધુના દીકરાની ઓરિજિનલ ડોક્યુમેન્ટ ફાઈલ આશરે પાંચ મહિના પહેલા ખોવાઈ ગઈ હતી. આ ફાઈલ મળી આવતા કર્મચારી જયેશભાઈ કટકિયા અને ડેપો મેનેજર નિમિષા ગઢવી દ્વારા જરૂરી ખરાઈ કરવામાં આવી હતી. ત્યારબાદ આજરોજ ફાઈલ તેના માલિકને પરત સોંપવામાં આવી હતી. લાંબા સમય બાદ મહત્વના દસ્તાવેજો પરત મળતા પરિવારજનોએ એસ. ટી. સ્ટાફનો આભાર વ્યક્ત કર્યો હતો.



તસવીર : મયુર પંડ્યા

## વડિયાના ખાખરીયા ગામની સીમમાંથી ઝટકા મશીન અને બેટરીની ચોરી

વડિયા,તા.૦૩

વડિયાના ખાખરીયા ગામની સીમમાંથી ઝટકા મશીન તથા બેટરીની ચોરી થઈ હતી. આ અંગે ગોંડલના દેવળા ગામે રહેતા અરવિંદભાઈ બાબુભાઈ વાઘેલા (ઉં.વ.૪૬)એ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમણે વાવવા રાખેલી ખાખરીયા ગામની સીમમાં આવેલી વાડીમાંથી અજાણ્યો ઈસમ ઝટકા મશીન અને બેટરી મળી કુલ રૂ. ૧૦,૦૫૬ના મુદ્દામાલની ચોરી કરીને ફરાર થઈ ગયો હતો. આ અંગે વડિયા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ. બી. કલસરીયા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

## દલખાણીયા ગામે મોડી રાતે સિંહે ગાયનો શિકાર કર્યો



તસવીર : સંજય વાળા

ધારી તાલુકાના દલખાણીયા ગામે મોડી રાતે ગાયનો શિકાર કરતો સિંહ કેમેરામાં કેદ થયો હતો. શિકારની શોધમાં જંગલના રાજાઓ અવારનવાર ગામની મુલાકાત લેતા હોવાના બનાવો સામે આવી રહ્યા છે. સિંહ દ્વારા ગાયનો શિકાર કરતો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. ગામ આસપાસ સિંહોની અવરજવર રહેતા ગ્રામજનોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.

## અમરેલીમાં રાષ્ટ્રીય વિજ્ઞાન નાટ્ય મહોત્સવની જિલ્લા કક્ષાની સ્પર્ધાનું સફળ આયોજન કરાયું

અમરેલી, તા. ૦૩

ગુજકોસ્ટ દ્વારા રાષ્ટ્રીય વિજ્ઞાન નાટ્ય મહોત્સવ (એક નાટક) ૨૦૨૬-૨૭ની જિલ્લા કક્ષાની સ્પર્ધાનું અમરેલીમાં સફળ આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર, ચિલ્ડ્રન્સ મ્યુઝિયમ અને બાળ ભવનના સહયોગથી યોજાયેલી



આ સ્પર્ધામાં ધોરણ ૬ થી ૧૦ના ૧૨૦ વિદ્યાર્થીઓએ ભાગ લઈ મહત્તમ ૩૦ મિનિટમાં પોતાની કલાનું પ્રદર્શન કર્યું હતું. સ્પર્ધામાં રાજુલાની પી.એમ. ગુજરાત કન્યા શાળા નંબર-૩ પ્રથમ, વરસડાની ડૉ. કલામ ઈનોવેટિવ સ્કૂલ દ્વિતીય અને ખડસલીની લોક શાળા તૃતીય ક્રમે રહી હતી. પ્રથમ ક્રમે વિજેતા ટીમ ૧૪ અને ૧૫ ઑક્ટોબરે રાજકોટમાં યોજાનારી રાજ્ય કક્ષાની સ્પર્ધામાં અમરેલી જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે.

## જે.વી.કાકડીયાના હસ્તે ધારીના ખીચા ગામે પેટા આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ કરાયુ

ધારી,તા.૦૩

ધારી તાલુકાના ખીચા ગામે ગ્રામજનોને વધુ સારી આરોગ્ય સુવિધા મળી રહે તે હેતુથી પેટા આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ધારાસભ્ય જેવી કાકડિયાની પ્રેરક ઉપસ્થિતિ વચ્ચે પેટા આરોગ્ય કેન્દ્રના લોકાર્પણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે ખીચા ગામના સરપંચ, ભાજપના રાજકીય આગેવાનો તેમજ હેલ્થ વિભાગના અધિકારીઓ સહિતના લોકો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ગ્રામજનોની ઉપસ્થિતિ વચ્ચે લોકાર્પણ કાર્યક્રમ ખુલ્લો મુકવામાં આવ્યો હતો. નવા પેટા આરોગ્ય કેન્દ્રથી ગામના લોકોને આરોગ્ય સંબંધી જરૂરી સેવાઓ



હવે નજીકના સ્થળે મળી શકશે. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોએ આરોગ્ય કેન્દ્રથી ગ્રામજનોને વધુ સારી સારવાર અને આરોગ્ય સેવાઓનો લાભ મળશે તેવી આશા વ્યક્ત કરી હતી. આ સાથે લોકાર્પણ કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.









## દિલીપ સંઘાણીએ નાગનાથ મંદિરે શીશ ઝુકાવ્યુ, ઈશ્વરીયાથી અમરેલી સુધી બાઈક રેલી યોજાઈ

# ICAના ડિરેક્ટર બન્યા બાદ અમરેલીમાં દિલીપ સંઘાણીનું ભવ્ય સન્માન








**રાજયમંત્રી કૌશિક વેકરીયા, સાંસદ ભરત સુતરીયા, ધારાસભ્ય સહિતના અગ્રણીઓએ શુભેચ્છા પાઠવી**

અમરેલી,તા.૦૩

અમરેલી જિલ્લા ભાજપ તથા ટીમ સહકાર દ્વારા ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી ઈન્ટરનેશનલ કોઓપરેટિવ એલાયન્સ (આઈસીએ)ના ડિરેક્ટર તરીકે ચૂંટાયા બાદ પ્રથમવાર અમરેલી ખાતે આવતા દિલીપ સંઘાણીનું જિલ્લા ભાજપ અને વિવિધ સંસ્થાઓ દ્વારા અદકેરૂ સન્માન કરવામાં આવ્યું હતુ. ઈશ્વરીયા મહાદેવ અને સાંસદ પરશોતમભાઈ રૂપાલાના માતાને પગે લાગી દિલીપ સંઘાણીએ આર્શીવાદ મેળવ્યા હતા. અમરેલીના નાગનાથ મહાદેવ મંદિરે શીશ ઝુકાવ્યા બાદ તેમજ શહેરમાં આવેલી મહાનુભાવો અને સંતોની પ્રતિમાને હારાપર્ણ કર્યુ હતુ. શહેરીજનો દ્વારા જુદા-જુદા પોઈન્ટ પર દિલીપ સંઘાણીનું અદકેરૂ સન્માન કરવામાં આવ્યું હતુ. ઈશ્વરીયાથી જ ભવ્ય બાઈક રેલીનુ પ્રસ્થાન કરવામાં આવ્યું હતુ. બાઈક રેલી શહેરના વિવિધ વિસ્તારોમાં ફરી જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે પહોંચી હતી અને જિલ્લા ભાજપ ખાતે ભાજપ અગ્રણીઓ અને શહેરીજનોની હાજરીમાં દિલીપ સંઘાણીનો અભિવાદન સમારોહ યોજાયો હતો. દિલીપ સંઘાણીની આંતરરાષ્ટ્રીય સ્તરે સહકારી ક્ષેત્રમાં થયેલી આ સિદ્ધિને લઈ કાર્યકરોમાં પણ ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો હતો. જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે ઉર્જામંત્રી કૌશિક વેકરીયાએ ટીમ સહકાર અને સહકાર ક્ષેત્રે દિલીપ સંઘાણીના યોગદાનની વાત કરી હતી તો સાંસદ ભરત સુતરીયાએ શાયરીના અંદાજમાં દિલીપ સંઘાણીને અભિનંદન પાઠવ્યા હતા. જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણીએ શાબ્દિક સ્વાગત કરી દિલીપ સંઘાણીને અભિનંદન પાઠવ્યા હતા. ધારાસભ્ય મહેશ કસવાળાએ સંગઠન વિશે વાત કરી દિલીપ સંઘાણીની સિધ્ધીને વખાણી હતી. ધારાસભ્ય હીરાભાઈ સોલંકી સહિત ભાજપ સંગઠનના હોદ્દેદારો અને કાર્યકરો સહિત શહેરના શ્રેષ્ઠીઓએ દિલીપ સંઘાણીનું સન્માન કર્યુ હતુ. સન્માન બાદ આઈસીએના ડિરેકટર દિલીપ સંઘાણીએ ભગવાનબાપા કસવાળા અને ડાયાભાઈ ચિત્તલવાળાને ખાસ યાદ કર્યા હતા. આ સન્માન સમારંભમાં નવીન ચિલો ચિતરવામાં આવ્યો છે કે કોઈ મોમેન્ટો અને ભેટસોગાદોને બદલે સન્માન ચેક કે રોકડથી કરવામાં આવશે. જેથી આ રકમ કોઈ જરૂરીયાતમંદ લોકો પાછળ વાપરી શકાય. અંતમાં દિલીપ સંઘાણીએ આ અદકેરા સન્માન બદલ જિલ્લા ભાજપ સંગઠન, સાંસદ, ધારાસભ્ય, કાર્યકરો અને શહેરના અગ્રણીઓનો હૃદયસ્થ આભાર માન્યો હતો. આ કાર્યક્રમમાં હિરેન હિરપરા, અશ્વિન સાવલીયા, પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયા, ડો.ભરત કાનાબાર, જીજ્ઞેશ પટેલ, ગીતાબેન સંઘાણી, મુકેશ સંઘાણી, મનિષ સંઘાણી, જયંતિભાઈ પાનસુરીયા હાજર રહ્યાં હતા. જિલ્લા યુવા ભાજપ પ્રમુખ ચેતન ધાનાણી અને ટીમ સહકારનો દિલીપ સંઘાણીએ આભાર વ્યકત કર્યો હતો.

# ધારીના તરસિંગડા ગામે કૂવામાંથી પાણી લેવા બાબતે કૂહાડીનો ઘા માર્યો

ધારી, તા. ૦૩

ધારીના તરસિંગડા ગામની સીમમાં 'તારા કૂવામાંથી મારે પાણી જોઈએ છે અને તારી વાડીના મીટરમાંથી લાઈટ આપ' તેમ કહીને ખેડૂત પર કૂહાડી વડે હુમલો કરવામાં આવ્યો હતો. આ અંગે બાબુભાઈ રણછોડભાઈ મકવાણા (ઉં.વ. ૬૦)એ મોહનભાઈ રણછોડભાઈ મકવાણા સામે ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદમાં જણાવ્યા મુજબ, બાબુભાઈ પોતાની વાડીએ કામ કરી રહ્યા હતા ત્યારે આરોપીએ આવીને કૂવામાંથી પાણી અને વાડીના મીટરમાંથી વીજળી (લાઈટ) આપવાની માંગણી કરી હતી.

જોકે, તેમણે પાણી તથા લાઈટ આપવાની ના પાડતાં આરોપીએ આ વાતનું મનદુઃખ રાખી કૂહાડીનો ઘા મારી દીધો હતો. સાથોસાથ તેમની પત્ની પાસે આવી જેમ-ફાવે તેમ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ બનાવ અંગે ધારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ. એચ. વાઘ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

**ભોગ બનનારની પત્નીને પણ ગાળો આપી**

# ધારાસભ્યની હાજરીમાં રાજુલા કુમાર શાળા નં. ૧ ખાતે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો

રાજુલા, તા.૦૩



રાજુલા શહેરની કુમાર શાળા નંબર-૧ ખાતે નાગરિકોને સરકારી યોજનાઓનો સરળતાથી લાભ પહોંચાડવા સેવા સેતુ કાર્યક્રમ યોજાયો હતો. દીપ પ્રાગટ્ય બાદ શાળાના આચાર્ય હિરલબેને ડેપ્યુટી કલેક્ટર, મામલતદાર, ચીફ ઓફિસર અને નગરપાલિકા પ્રમુખ સહિતના મહાનુભાવોનું હનુમાન ચાલીસા આપી સ્વાગત કર્યું હતું. કન્યા શાળા નંબર-૨ની દીકરીઓએ સાંસ્કૃતિક કૃતિ રજૂ કરી હતી. આ પ્રસંગે ઉપસ્થિતોએ સ્વચ્છતાની પ્રતિજ્ઞા લીધી તેમજ આઈ. સી.ડી.એસ. વિભાગ દ્વારા સગર્ભા માતાઓને પોષણ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. ધારાસભ્ય હીરાભાઈ સોલંકીએ શિક્ષણ, આરોગ્ય અને વિકાસના કામોમાં સતત તત્પર રહેવાની ખાતરી આપી હતી. રવુભાઈ ખુમાણે સ્વાગત પ્રવચન અને ઘનશ્યામભાઈ વાઘે આભારવિધિ કરી કાર્યક્રમ સંપન્ન કર્યો હતો.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૫૦૦ | ૧૮૨૫ |
| ઘઉં લોકવન | ૫૫૦ | ૫૮૦ |
| ઘઉં ટુકડા | ૫૫૪ | ૬૨૯ |
| જુવાર સફેદ | ૧૩૩૬ | ૧૪૬૦ |
| જુવાર લાલ | ૧૨૫૦ | ૧૩૭૫ |
| જુવાર પીળી | ૪૫૦ | ૫૦૧ |
| બાજરી | ૪૧૩ | ૪૨૬ |
| મકાઇ | ૩૭૧ | ૪૫૨ |
| તુવેર | ૧૨૯૦ | ૧૮૪૨ |
| ચણા પીળા | ૧૨૦૦ | ૧૪૫૯ |
| ચણા સફેદ | ૧૬૨૦ | ૨૨૭૩ |
| અડદ | ૧૪૩૦ | ૧૮૮૨ |
| મગ | ૧૩૦૦ | ૧૬૬૦ |
| વાલ દેશી | ૮૯૦ | ૧૫૧૫ |
| ચોળી | ૧૦૫૦ | ૧૭૮૫ |
| વટાણા | ૬૧૦ | ૯૦૧ |
| કળથી | ૪૪૧ | ૭૧૪ |
| રાજમા | ૧૪૯૦ | ૨૦૮૮ |
| સીંગદાણા | ૧૫૫૦ | ૨૦૦૦ |
| મગફળી જાડી | ૧૧૨૫ | ૧૪૯૦ |
| મગફળી જીણી | ૧૧૫૦ | ૧૬૬૦ |
| તલી | ૨૧૦૦ | ૨૭૪૯ |
| એરંડા | ૧૦૬૦ | ૧૪૬૯ |
| સુવા | ૧૫૦૦ | ૧૭૫૦ |
| સોયાબીન | ૧૦૫૦ | ૧૧૭૧ |
| સીંગફાડા | ૧૪૧૦ | ૧૬૮૦ |
| કાળા તલ | ૨૫૦૦ | ૩૬૦૦ |
| લસણ | ૧૧૪૦ | ૨૪૦૦ |
| ધાણા | ૨૩૦૦ | ૨૮૯૦ |
| ધાણી | ૨૪૦૦ | ૩૦૧૦ |
| વરીયાળી | ૧૩૫૦ | ૨૩૨૫ |
| જીરૂ | ૩૯૨૫ | ૪૩૦૦ |
| રાય | ૧૧૫૦ | ૧૮૪૪ |
| મેથી | ૮૫૦ | ૧૫૯૬ |
| કલોંજી | ૩૮૫૦ | ૪૧૭૫ |
| રાયડો | ૯૦૦ | ૧૫૨૧ |
| રજકાનું બી | ૬૦૦૦ | ૧૦૫૦૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૨૦૪૮ | ૪૧૪૨ |
| પપૈયા | ૨૦૪ | ૪૦૯ |
| બટેટા | ૧૦૭ | ૩૧૧ |
| ડુંગળી સુકી | ૩૦૦ | ૮૧૧ |
| ટમેટા | ૨૬૭ | ૫૯૨ |
| સુરણ | ૪૨૩ | ૬૨૯ |
| કોથમરી | ૪૬૨ | ૭૮૬ |
| મુળા | ૧૯૩ | ૪૦૨ |
| રીંગણા | ૩૦૧ | ૬૧૪ |
| કોબીજ | ૭૩ | ૧૪૪ |
| ફ્લાવર | ૨૭૨ | ૪૯૩ |
| ભીંડો | ૪૯૭ | ૯૪૮ |
| ગુવાર | ૫૪૯ | ૧૩૯૮ |
| ચોળાસીંગ | ૫૧૧ | ૮૨૫ |
| વાલોળ | ૪૭૯ | ૮૯૬ |
| ટીંડોળા | ૪૮૨ | ૧૦૨૩ |
| દુધી | ૧૦૩ | ૨૦૮ |
| કારેલા | ૨૨૬ | ૪૫૯ |
| સરગવો | ૮૪૮ | ૧૨૯૭ |
| તુરીયા | ૩૩૫ | ૭૮૬ |
| પરવર | ૩૨૯ | ૫૧૧ |
| કાકડી | ૨૪૮ | ૮૫૯ |
| ગાજર | ૨૫૬ | ૪૨૨ |
| વટાણા | ૧૮૧૨ | ૨૨૨૪ |
| તુવેરસીંગ | ૬૮૩ | ૯૨૧ |
| કંટોળા | ૧૬૯૭ | ૧૯૮૯ |
| ગલકા | ૩૧૧ | ૫૦૯ |
| બીટ | ૩૨૧ | ૫૧૩ |
| મેથી | ૬૦૯ | ૮૧૪ |
| વાલ | ૬૮૭ | ૮૯૨ |
| ડુંગળી લીલી | ૨૧૧ | ૪૦૪ |
| આદુ | ૧૨૧૮ | ૩૦૨૬ |
| મરચા લીલા | ૧૦૭ | ૪૧૨ |
| હળદર લીલી | ૭૧૧ | ૧૦૨૧ |
| લસણ લીલું | ૧૫૨૯ | ૧૯૮૮ |
| મગફળી લીલી | ૬૧૧ | ૮૧૯ |
| મકાઇ લીલી | ૧૨૯ | ૨૪૩ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૮૦૬ |
| ઘઉં લોકવન | ૫૪૦ | ૫૭૦ |
| ઘઉં ટુકડા | ૫૨૦ | ૭૫૪ |
| મગફળી જીણી | ૯૪૧ | ૧૬૭૧ |
| સિંગદાણા જાડા | ૧૬૫૦ | ૧૮૫૧ |
| સિંગ ફાડીયા | ૮૦૦ | ૧૭૬૧ |
| એરંડા/એરંડી | ૧૪૦૧ | ૧૪૯૬ |
| જીરૂ | ૨૪૫૧ | ૪૩૯૧ |
| કલંજી | ૨૦૦૦ | ૪૧૨૧ |
| ધાણા | ૨૫૦૧ | ૩૦૦૧ |
| લસણ સુકું | ૧૦૪૧ | ૨૧૯૧ |
| ડુંગળી લાલ | ૨૦૧ | ૯૫૧ |
| અડદ | ૧૦૦૦ | ૧૮૩૧ |
| તુવેર | ૧૦૦૧ | ૧૮૫૧ |
| રાય | ૫૦૦ | ૮૬૧ |
| મેથી | ૯૦૧ | ૯૦૧ |
| મગફળી જાડી | ૯૦૧ | ૧૫૫૦ |
| સફેદ ચણા | ૧૩૫૧ | ૨૩૬૧ |
| મગફળી ૬૬ | ૧૭૦૦ | ૧૮૩૧ |
| ધાણી | ૨૫૦૧ | ૨૯૫૧ |
| બાજરો | ૪૦૧ | ૪૨૧ |
| જુવાર | ૧૧૦૧ | ૧૪૪૧ |
| મકાઇ | ૫૨૧ | ૫૨૧ |
| મગ | ૧૧૦૧ | ૧૯૦૧ |
| ચણા | ૧૧૧૧ | ૧૪૫૬ |
| વાલ | ૯૨૬ | ૧૩૫૧ |
| ચોળા / ચોળી | ૧૧૨૬ | ૧૫૨૬ |
| સોયાબીન | ૧૦૨૬ | ૧૧૫૧ |
| રજકાનું બી | ૪૯૦૦ | ૪૯૦૦ |
| ગોગળી | ૭૦૦ | ૧૩૫૧ |
| વટાણા | ૩૬૧ | ૮૬૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૨૦૦ | ૬૪૦ |
| મરચા | ૮૦ | ૮૦૦ |
| ગુવાર | ૧૮૦ | ૧૪૦૦ |
| કોબી | ૧૦૦ | ૨૦૦ |
| દુધી | ૧૦૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૫૦ | ૫૦૦ |
| કાકડી | ૨૦૦ | ૧૦૦૦ |
| રીંગણા | ૧૦૦ | ૬૪૦ |
| ભીંડો | ૨૦૦ | ૯૦૦ |
| ગલકા | ૨૦૦ | ૭૦૦ |
| ગાજર | ૨૦૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૮૦૦ |
| વાલ | ૨૦૦ | ૧૪૦૦ |
| વટાણા | ૨૦૦૦ | ૨૨૦૦ |
| કેરી કાચી | ૨૦૦૦ | ૩૨૦૦ |
| બટેટા | ૧૬૦ | ૨૭૦ |
| લીલી હળદર | ૫૮૦ | ૧૦૦૦ |
| ડુંગળી પુરા | ૧૦ | ૧૨ |
| કોથમીર પુરા | ૧ | ૪ |
| મૂળા પુરા | ૩ | ૧૦ |
| કાચા કેળા | ૨૦૦ | ૩૦૦ |
| પરવર | ૬૦૦ | ૮૦૦ |
| ઘીસોડા | ૧૬૦ | ૮૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૨૬૦૦ |
| મેથી પુરા | ૫ | ૧૨ |
| બીટ પુરા | ૫ | ૧૫ |
| સરગવો પુરા | ૩૦ | ૭૦ |
| ચોરા | ૧૮૦ | ૧૨૦૦ |
| કારેલા | ૨૦૦ | ૮૦૦ |
| વાલોર | ૨૦૦ | ૧૩૦૦ |
| મગફળી લીલી | ૬૦૦ | ૮૪૦ |
| કાચા પોપૈયા | ૧૦૦ | ૩૦૦ |
| આદુ | ૨૦૦ | ૧૬૦૦ |
| મકાઈ ડોડા | ૧૮૦ | ૪૦૦ |
| લસણ પુરા | ૫ | ૮ |
| પાલક પુરા | ૨ | ૫ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૯૯૦ | ૧૦૫૦ |
| શિંગ મોટી | ૧૦૩૦ | ૧૪૮૦ |
| શિંગદાણા ફાડા | ૧૫૦૦ | ૧૮૫૫ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૮૭૦ |
| તલ કાળા | ૨૨૦૦ | ૩૫૫૦ |
| તલ કાશમીરી | ૨૩૦૦ | ૨૫૦૦ |
| બાજરો | ૨૫૫ | ૫૩૦ |
| જુવાર | ૫૫૦ | ૧૪૧૦ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૭૦૦ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૭૫ |
| મગ | ૧૨૫૦ | ૧૭૯૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૯૫૦ |
| ચણા | ૧૦૧૫ | ૧૪૨૫ |
| સફેદ ચણા | ૧૧૦૦ | ૧૪૦૫ |
| તુવેર | ૫૭૦ | ૧૬૮૦ |
| કપાસ | ૮૨૫ | ૧૮૮૫ |
| એરંડા | ૧૨૦૦ | ૧૪૫૫ |
| જીરૂ | ૩૯૦૦ | ૪૦૪૦ |
| ધાણી | ૨૭૧૫ | ૨૯૭૦ |
| મેથી | ૧૨૫૦ | ૧૩૧૦ |
| સોયાબીન | ૧૦૫૫ | ૧૧૨૦ |
| કાંગ | ૫૩૦ | ૫૩૦ |
| સુવાદાણા | ૧૨૦૦ | ૧૨૫૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૪૦ | ૨૪૦ |
| રીંગણા | ૫૦૦ | ૧૦૦૦ |
| ફ્લાવર | ૪૦૦ | ૫૦૦ |
| કોબીઝ | ૧૫૦ | ૨૦૦ |
| શકકરીયા | ૧૦૦૦ | ૧૧૫૦ |
| ટમેટાં | ૫૪૦ | ૬૦૦ |
| સુરણ | ૯૫૦ | ૧૦૦૦ |
| ગાજર | ૫૦૦ | ૬૦૦ |
| દુધી | ૨૦૦ | ૩૦૦ |
| કારેલા | ૫૦૦ | ૬૦૦ |
| ગલકા | ૩૦૦ | ૪૦૦ |
| મુળા | ૧૩૦ | ૨૧૦ |
| કાકડી | ૩૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૪૦૦ |
| વાલોળ | ૮૦૦ | ૧૦૦૦ |
| વટાંણા | ૨૪૦૦ | ૨૫૫૦ |
| ચોળાલીલાં | ૮૦૦ | ૯૦૦ |
| તુરીયા | ૭૦૦ | ૮૦૦ |
| વાલ | ૯૦૦ | ૧૦૦૦ |
| સીંગઓળા | ૭૦૦ | ૮૦૦ |
| ભીંડો | ૭૦૦ | ૮૦૦ |
| હળદર લીલી | ૧૦૦૦ | ૧૨૦૦ |
| આદુ | ૧૨૫૦ | ૧૩૩૦ |
| કોથમીર | ૨૫૦ | ૫૩૦ |
| મેથીભાજી | ૬૦૦ | ૭૦૦ |
| ફોદીનો | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ટીંડોરા | ૬૫૦ | ૭૫૦ |
| બીટ | ૫૭૦ | ૬૯૦ |
| ચિભડા | ૪૦૦ | ૬૦૦ |
| સરગવો | ૧૨૦૦ | ૧૪૦૦ |
| લીમડો મીઠો | ૧૭૦ | ૧૯૦ |
| મરચાં લીલા | ૨૦૦ | ૪૦૦ |
| મરચાં લાલ | ૪૦૦ | ૮૬૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૩૦૦ |
| ડુંગળી સુકી | ૬૦૦ | ૮૪૦ |
| લસણ લીલું | ૧૫૦૦ | ૨૨૦૦ |
| લસણ સુકુ | ૧૬૦૦ | ૨૨૦૦ |
| પાલક | ૫૦૦ | ૬૦૦ |
| લીંબુ | ૧૪૩૦ | ૩૦૦૦ |
| મકાઈ | ૨૦૦ | ૩૦૦ |
| લીલી તુવેર | ૧૦૦૦ | ૧૧૮૦ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૭૧૦ | ૧૮૬૦ |
| કપાસ મીડીયમ | ૧૨૫૦ | ૧૫૪૦ |
| અડદ | ૧૪૫૦ | ૧૮૦૦ |
| ચણા | ૧૨૧૧ | ૧૩૪૧ |
| ઘઉં | ૫૧૦ | ૫૫૬ |
| મગ | ૧૬૪૦ | ૧૯૦૦ |
| **ધારી** | | |
| કપાસ | ૧૬૦૦ | ૧૭૮૫ |
| મગફળી | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ઘઉં | ૪૦૬ | ૫૪૫ |
| ચણા | ૧૧૯૧ | ૧૧૯૧ |
| તુવેર | ૧૧૯૦ | ૧૫૦૦ |
| ધાણા | ૨૮૦૦ | ૨૮૦૦ |
| અડદ | ૧૫૦૦ | ૧૬૫૦ |
| શીંગદાણા | ૧૪૫૧ | ૧૪૫૧ |
| **કોડીનાર** | | |
| મગફળી નવી | ૧૦૦૦ | ૧૪૧૨ |
| બાજરી હાઈબ્રીડ | ૩૮૦ | ૪૭૯ |
| ઘઉં | ૫૧૧ | ૫૮૯ |
| અડદ | ૧૧૦૦ | ૧૯૧૭ |
| મગ | ૧૦૦૦ | ૧૬૧૦ |
| ચણા | ૧૧૫૦ | ૧૪૧૪ |
| સફેદ તલ | ૨૦૦૦ | ૨૪૫૮ |
| કાળા તલ | ૨૩૦૦ | ૩૫૧૪ |
| સોયાબીન | ૯૮૧ | ૧૧૪૯ |
| ડાંગર | ૮૦૦ | ૧૧૦૫ |
| રજકો | ૬૦૦૦ | ૯૨૦૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૩૫૦ | ૧૮૨૪ |
| ઘઉં ટુકડા | ૫૧૫ | ૫૬૨ |
| ઘઉં લોકવન | ૫૧૨ | ૫૫૦ |
| અડદ | ૧૨૦૦ | ૧૬૬૦ |
| મગફળી | ૧૧૨૫ | ૧૧૨૫ |
| ચણા | ૧૦૫૧ | ૧૪૦૧ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૫૦૦ |
| ધાણા | ૨૬૦૦ | ૨૬૦૦ |
| મગ | ૧૦૦૦ | ૧૫૭૦ |
| સોયાબીન | ૯૦૦ | ૧૦૭૦ |
| જુવાર | ૫૦૦ | ૧૦૫૫ |
| શીંગદાણા | ૧૭૫૫ | ૧૭૫૫ |
| તુવેર | ૧૧૦૦ | ૧૪૩૫ |
| મકાઈ | ૪૫૧ | ૪૫૧ |
| એરંડી | ૯૦૫ | ૯૦૫ |
| મેથી | ૧૧૫૫ | ૧૧૫૫ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૮૨૧ |
| ઘઉં | ૪૫૦ | ૫૪૪ |
| બાજરો | ૨૦૦ | ૨૦૦ |
| ચણા | ૯૦૧ | ૧૩૪૬ |
| અડદ | ૧૦૦૧ | ૧૬૪૬ |
| મગફળી | ૭૦૦ | ૧૩૬૬ |
| શિંગફાડા | ૧૫૦૧ | ૧૭૦૧ |
| તલ સફેદ | ૨૦૦૧ | ૨૬૦૧ |
| મેથી | ૧૧૨૬ | ૧૧૨૬ |
| જીરૂ | ૨૨૫૧ | ૩૫૯૬ |
| ધાણા | ૧૮૩૧ | ૧૮૩૧ |
| સોયાબીન | ૯૦૧ | ૧૧૧૧ |
| **સાવરકુંડલા** | | |
| શિંગ-જીણી | ૧૧૮૦ | ૧૭૫૦ |
| શિંગ મોટી | ૧૨૫૦ | ૧૪૯૦ |
| તલ સફેદ | ૨૧૦૦ | ૨૬૩૫ |
| તલ કાળા | ૨૭૦૦ | ૩૩૯૬ |
| જીરૂ | ૩૮૦૦ | ૪૧૭૨ |
| કપાસ | ૧૬૦૦ | ૧૯૦૦ |
| ઘઉં લોકવન | ૫૧૦ | ૫૬૦ |
| ઘઉં ટુકડા | ૫૨૫ | ૫૭૨ |
| બાજરો | ૩૭૦ | ૪૮૦ |
| જુવાર | ૮૦૦ | ૧૪૨૧ |
| મગ | ૯૦૦ | ૧૪૩૦ |
| અડદ | ૧૩૦૦ | ૧૭૦૭ |
| ચણા | ૧૨૦૦ | ૧૪૧૨ |
| તુવેર | ૧૩૦૦ | ૧૬૧૦ |
| ધાણા | ---- | ૨૬૦૦ |
| **જામનગર** | | |
| બાજરી | ૪૦૦ | ૪૨૦ |
| ઘઉં | ૫૦૦ | ૫૬૨ |
| મગ | ૧૬૦૦ | ૧૬૬૦ |
| અડદ | ૧૮૦૦ | ૧૮૫૫ |
| તુવેર | ૧૩૫૦ | ૧૪૮૦ |
| મઠ | ૭૦૦ | ૭૫૦ |
| ચણા | ૧૨૨૦ | ૧૪૫૨ |
| ચણા સફેદ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| મગફળી જીણી | ૯૦૦ | ૧૪૫૦ |
| એરંડા | ૧૩૦૦ | ૧૪૮૨ |
| રાયડો | ૧૩૦૦ | ૧૫૦૦ |
| રાય | ૧૫૦૦ | ૧૭૯૫ |
| લસણ | ૯૦૦ | ૨૦૨૦ |
| કપાસ | ૧૬૦૦ | ૧૮૯૦ |
| જીરૂ | ૩૦૨૦ | ૪૩૨૫ |
| ડુંગળી સુકી | ૩૦૦ | ૮૦૦ |
| ડુંગળી નાસિક | ૬૦૦ | ૬૮૦ |
| શીંગદાણા | ૧૨૦૦ | ૧૮૪૦ |
| **મહુવા** | | |
| શિંગ ગીરનાર | ૧૦૫૦ | ૧૩૮૨ |
| શિંગ ૬૬ | ૧૪૩૦ | ૨૧૪૨ |
| શિંગ ૩૯ | ૯૦૦ | ૧૪૮૬ |
| શિંગ જી-૨૦ | ૧૦૩૫ | ૧૪૨૨ |
| એરંડા | ૧૩૯૫ | ૧૩૯૫ |
| જુવાર | ૫૧૮ | ૭૨૫ |
| બાજરી | ૨૦૦ | ૪૯૬ |
| ઘઉં ટુકડા | ૪૮૦ | ૬૩૯ |
| અડદ | ૯૯૯ | ૧૮૦૧ |
| મગ | ૧૩૪૦ | ૧૭૯૬ |
| મઠ | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ચણા | ૧૩૪૦ | ૧૪૨૦ |
| તલ સફેદ | ૨૩૫૦ | ૨૫૮૦ |
| તલ કાળા | ૧૭૦૦ | ૩૪૭૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૬૪૫ |
| વરીયાળી | ૧૫૦૦ | ૧૫૦૦ |
| ડુંગળી લાલ | ૭૨ | ૮૪૧ |
| ડુંગળી સફેદ | ૨૧૧ | ૫૩૨ |
| કપાસ શંકર | ૧૪૧૦ | ૧૭૯૫ |
| નાળીયેર | ૭૦૨ | ૩૨૫૪ |
| **ખાંભા** | | |
| કપાસ A ગ્રેડ | ૧૬૭૨ | ૧૮૦૦ |
| કપાસ B ગ્રેડ | ૧૩૬૫ | ૧૬૬૧ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૯૫ |
| જુવાર સફેદ | ૧૨૬૧ | ૧૨૬૧ |
| બાજરો | ૪૦૦ | ૪૦૫ |
| **રાજુલા** | | |
| શીંગ | ૧૦૩૨ | ૧૩૦૦ |
| તલ સફેદ | ૨૨૫૦ | ૨૫૨૫ |
| તલ કાળા | ૨૭૦૧ | ૩૪૫૧ |
| કપાસ | ૧૩૫૦ | ૧૭૦૨ |
| બાજરો | ૪૪૫ | ૫૦૬ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૦૨ |
| જુવાર | ૪૫૦ | ૧૪૯૧ |
| ચણા | ૧૧૦૦ | ૧૪૩૫ |
| સુવા | ૧૪૫૦ | ૧૪૫૦ |
| મેથી | ૯૦૧ | ૧૨૦૦ |
| સોયાબીન | ૧૧૦૦ | ૧૧૦૦ |




06
વાર્તા વિશ્વ : એક રસ્તા, દો રાહી





06
સપ્તરંગ: સ્વસંઘર્ષના ગાણાં શું ગાયા કરો છો? જરા લાજો...!


# ફ્રાન્સ અને પંજાબ : કેમ વિદ્યાર્થીઓ તોફાને ચડ્યા છે ?



વિચાર વલોણું



જયવંત પંડ્યા

પંજાબમાં તાજેતરમાં ફગવાડામાં એલ.પી. યુ. (લવલી પ્રોફેશનલ યુનિવર્સિટી)માં વિદ્યાર્થીઓ ભારે રોષે ભરાયા અને તોડફોડ કરવામાં આવી. એવી વાત બહાર આવી કે ગર્લ્સ હોસ્ટેલ (GH)૩માં એક વિદ્યાર્થિની પર ત્રણ કામદારોએ બળાત્કાર કર્યો છે જેમાં પ્લમ્બર/કડિયા/ ઈલેક્ટ્રિશિયનની વાત આવી. ૨૬મીએ વિદ્યાર્થીઓના મોબાઈલમાં સંદેશાઓ આવ્યા. સૉશિયલ મીડિયા પર પૉસ્ટો આવવા લાગી. ૨૭મીએ પહેલા તો વિદ્યાર્થીઓ વિરોધ કરવા એકઠા થયા હતા અને તેમણે રાષ્ટ્રીય રાજમાર્ગ બ્લૉક કર્યો. પરંતુ ૨૭મીએ સાંજે તોડફોડ શરૂ થઈ કેમ્પસની અંદર મોલમાં તોડફોડ થઈ. ફર્નિચર તોડ્યાં.

સૉશિયલ મીડિયા પર વાઈરલ વિડિયોમાં વિદ્યાર્થિનીઓ એવું કહેતી જોવા મળે છે કે યુનિવર્સિટીના પ્રબંધને આ બાબતે ભીનું સંકેલી લીધું છે અને કાં તો વિદ્યાર્થિનીએ આપઘાત કર્યો છે અથવા તો તેને તેના ઘરે મોકલી દેવામાં આવી છે.

ભાજપ વિરોધીઓ કહે છે કે એલ. પી. યુ. અત્યારે આઆપના રાજ્યસભાના પૂર્વ સાંસદ અને વર્તમાનમાં ભાજપના નેતા અશોકકુમાર મિત્તલની છે તેથી તેમણે આ કરાવ્યું હોઈ શકે. પરંતુ આ વાતનો છેદ એટલા માટે ઉડી જાય છે કારણ કે આ ઘટનામાં ભીનું સંકેલવાનો આક્ષેપ યુનિવર્સિટી પ્રબંધન પર થઈ રહ્યો છે એટલે માટે અશોકકુમાર મિત્તલ પર વિદ્યાર્થીનીઓનો આડકતરો આક્ષેપ થાય. આવા સંજોગોમાં તોડફોડ અને વિરોધ પ્રદર્શનને અશોકકુમાર મિત્તલ એવી રીતે પ્રોત્સાહન આપી શકે? કે કરાવી શકે?

સૉશિયલ મીડિયા પર એક વિડિયોમાં એવો દાવો કરવામાં આવ્યો કે ભાજપનો કાર્યકર આ ઉગ્ર પ્રદર્શન પાછળ છે તેવું પોલીસ કહે છે પરંતુ પોલીસે આ વિડિયોને ફેક વિડિયો તરીકે લેબલ માર્યું છે.

તો બીજી તરફ ભાજપના નેતા રવનીતસિંહ બીટ્ટુ અને શિરોમણી અકાલી દળના નેતા વિક્રમસિંહ મજિઠિયા કહે છે કે આ ઘટના પાછળ આઆપ ઉત્તરદાયી છે. આઆપના નેતાઓએ માસ્ક પહેરેલા ગુંડાઓને પરિસરમાં હિંસા માટે ઉશ્કેરણી કરવા શસ્ત્રો સાથે મોકલ્યા હતા.

દુ:ખની વાત એ છે કે દિલ્હીમાં જંતર મંતર પર પોલીસ અત્યાચારની વાત કરનાર આમ આદમી પક્ષ શાસિત પંજાબમાં બીજી-ત્રીજી વખત એવું બન્યુ છે કે પોલીસ નિર્દયતાથી વિરોધ પ્રદર્શનકારીઓ પર તૂટી પડે છે અને ખૂબ જ માર મારે છે. બીજું કે જોવાની વાત એ છે કે સ્ત્રીઓને પણ પુરુષ પોલીસ માર મારે છે જ્યારે કે નિયમ એવો છે કે મહિલા પોલીસ હોવી જોઈએ. ભારતીય નાગરિક સંહિતા ૨૦૨૩ના અનુચ્છેદ ૩૫ (૧) અને ૪૯ (૨) અનુસાર માત્ર મહિલા પોલીસ જવાન જ મહિલા પ્રદર્શનકારીઓને સંભાળી શકે છે અને તેના પર લાઠી મારી શકે છે, પુરુષ પોલીસ જવાન નહીં. આમ છતાં પંજાબમાં પુરુષ પોલીસ જવાનો અવારનવાર મહિલા વિરોધી પ્રદર્શનકારીઓ પર નિર્દયતાથી તૂટી પડે છે સામાન્યતઃ આવી બધી બાબતોમાં જો ભાજપ રાજ્ય હોય તો તુરંત જ ઉચ્ચ ન્યાયાલય અથવા તો સર્વોચ્ચ ન્યાયાલયમાં જનહિત યાચિકા દાખલ થઈ જતી હોય છે પરંતુ જ્યાં આઆપ કે કૉંગ્રેસ સરકાર હોય ત્યાં જનહિત યાચિકા એટલે કે પીઆઈએલજીવી લોકો શાંત થઈ જાય છે.

એલપીયુમાં તોડફોડ પાછળ એક કાશ્મીરી મુસ્લિમ ઈન્ફ્લુઅન્સર મોહમ્મદ ફરહત (ઘણા આ વ્યક્તિનું નામ ફરહત દેવ કહે છે)નો હાથ હોવાનો પણ સૉશિયલ મીડિયા ઉપર દાવો થઈ રહ્યો છે. વિડિયોમાં એવું દેખાઈ રહ્યું છે કે મોહમ્મદ ફરહતે તે ઉગ્ર પ્રદર્શનની શરૂઆત કરી હતી. સીસીટીવી ફૂટેજના આધારે પણ એલ.પી.યુ ની વિદ્યાર્થિની રમ્યા મિશ્ર એવો દાવો કરી રહી છે કે મોહમ્મદ ફરહત હોસ્ટેલમાં ઘૂસ્યો હતો અને તેણે ગુંડાઓને બોલાવ્યા હતા. પછી સીસીટીવી કેમેરો તોડી નાખવામાં આવ્યો હતો. ટાઈમ્સ નાવ ચેનલ સાથેની વાતચીતમાં મોહમ્મદ ફરહાતે એવું સ્વીકાર્યું હતું કે અફવા સાંભળ્યા પછી વિદ્યાર્થીઓને બચાવવા માટે તેણે ગુસ્સામાં કાર્ય કર્યું હતું. પરંતુ હિંસાનું આયોજન કર્યું નહોતું. ફરહત પોતાને એક મૉડલ અને અભિનેતા ગણાવે છે અને તેને લગતા વિડિયો ઈન્સ્ટાગ્રામ પર મૂકતો હોય છે.

આ આખી ઘટનાને આઆપે ખૂબ જ ઉપેક્ષાથી લીધી હોય તેવું લાગે છે કારણકે જ્યારે વિદ્યાર્થીઓમાં ઉગ્ર વિરોધ પ્રદર્શન કરી રહ્યા હતા ત્યારે અરવિંદ કેજરીવાલ દિલ્લીમાં ખોટી રીતે રસ્તો તોડવા બાબતે આઆપ ધારાસભ્ય જર્નેલસિંહ અને પ્રધાન પરવેશ વર્માના લાફા પ્રકરણમાં વિરોધ નોંધાવવા પહોંચી ગયા હતા. બીજી તરફ પંજાબની વિદ્યાર્થીઓની ઘટના બાબતે આઆપ સદંતર મૌન છે એટલું જ નહીં પરંતુ વિપક્ષો પણ મૌન સેવી રહ્યા છે . ભાજપ વિરોધી કૉકરોચો (સીજેપી)એ પણ વિદ્યાર્થિનીઓની સુરક્ષાની ચિંતા કરી અને આ બાબતે કોઈ પ્રહાર કરવાનું ટાળ્યું છે.

દિલ્હીની ઘટનામાં સ્પષ્ટ હતું કે સીજેપીના લોકોએ હિંસા ચાલુ કરી હતી તેના ઉત્તરમાં આત્મારક્ષામાં અને સંસદમાં જતા અટકાવવા પોલીસે કૉકરોચો પર અને ડફલી ગૅંગ પર બળ પ્રયોગ કર્યો હતો. પરંતુ તેમાં વિપક્ષોએ અને વિશેષ રૂપે રાહુલ ગાંધીએ પીડિત તરફી એટલે કે ઘાયલ લોકો તરફી સહાનુભૂતિ ઊભી કરવાનો પ્રયત્ન કર્યો. પોલીસ સ્ટેશનમાં જઈ અને હોબાળો કર્યો. સર્વોચ્ચ ન્યાયાલયમાં પણ પ્રદર્શનકારીઓ સામે એફઆઈઆર પાછી ખેંચી લેવા યાચિકા થઈ ગઈ અને જેમના નિવેદનનું ખોટું અર્થઘટન કરી અને હા અમે પણ કૉકરોચ છીએ તેમ કહી અને કૉકરોચ જનતા પાર્ટી બનાવી અને તેના નેજા હેઠળ થયેલા વિરોધ પ્રદર્શનમાં ઉત્તરદાયી મનાતા પ્રદર્શનકારીઓ સામે એફઆઈઆર પાછી ખેંચવા સર્વોચ્ચ માનનીયોએ આદેશ કર્યો ! પરંતુ પંજાબની આ ઘટના પછી પોલીસના અત્યાચાર સામે કોઈએ કોઈ ફરિયાદ કરી નથી.

દિલ્હીની સાપેક્ષે પંજાબની એલપીયુમાં વિદ્યાર્થીઓના થયેલા વિરોધ પ્રદર્શનને મીડિયાએ પણ ખૂબ જ ઓછું કવરેજ આપ્યું. આઆપ સરકાર સામે આંગળી ચીંધવાનું ટાળ્યું. એ તો અગાઉ સફાઈ કર્મચારીઓના આંદોલન વખતે પણ જોવા મળ્યું હતું. પોતાના ગામમાં ડ્રગ્સ ખૂબ વેચાય છે તેવી ફરિયાદ આઆપ સરકારના પ્રધાન હરદીપસિંહ ચીમા ગામની મુલાકાતે આવ્યા ત્યારે કરનાર ગુલઝાર સિંહ પર આઆપના લોકોએ ક્ષમા માગવા ખૂબ દબાણ કરતાં તેમણે આત્મહત્યા કરી લીધી હતી અને આત્મહત્યા પહેલાં વિડિયો બનાવ્યો હતો જેમાં તેમણે હરદીપસિંહ ચીમા અને આઆપના સ્થાનિક નેતાઓ પર આક્ષેપ કર્યા હતા. ગુલઝારસિંહની અંતિમવિધિ પણ ફરજિયાત કરાવાઈ હોવાનો આક્ષેપ તેના પરિવારજનોએ કર્યો હતો.

પરંતુ માત્ર પંજાબ જ નહીં, બિહારમાંય વિદ્યાર્થીઓએ પરીક્ષામાં ગડબડો અંગે વિરોધ પ્રદર્શનો કર્યાં. તેમાં પોલીસે લાઠીવાળી કરી. રાહુલ ગાંધી પીડિત વિદ્યાર્થીઓને મળ્યા. સ્વાભાવિક બિહારમાં ભાજપનું શાસન છે એટલે તેઓ ત્યાં જાય અને પીડિતોને મળે પરંતુ પંજાબ અંગે તેઓ કંઈ બોલે નહીં, તે સ્વાભાવિક છે. તો બિહાર અંગે ભાજપ કંઈ બોલે નહીં તે પણ સ્વાભાવિક છે. આ બધામાં વિદ્યાર્થીઓ ફૂટબોલના દડાની જેમ ફંગોળાયા કરે છે અને આવું માત્ર અહીં જ છે તેવું નથી, ફ્રાન્સમાંય છે.

ફ્રાન્સમાં તો પંજાબ કરતાંય મોટા પાયે વિદ્યાર્થીઓએ ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું. હિંસા કરી. ફ્રાન્સના ઈલે દ ફ્રાન્સ પ્રદેશમાં ૨૧ સપ્ટેમ્બરે આ પ્રદર્શનો શરૂ થયાં જે બાદમાં હિંસામાં ફેરવાયાં. કારો અને બિલ્ડિંગોને આગ લગાડવામાં આવી. એક શિક્ષકને પેટ્રોલ ફેંકી બાળવાનો પ્રયત્ન થયો. શાળાના કર્મચારીગણને નિશાન બનાવવામાં આવ્યા. પોલીસ લાઈન પર એસિડ ફેંકવામાં આવ્યો. સ્થાનિક દુકાનોમાં લૂટફાટ કરવામાં આવી. એટલું જ નહીં, અગ્નિશામક ગાડીઓને પણ રોકવા માટે તેના પર આક્રમણો કરાયાં. અનેક પ્રાચાર્યો અને શિક્ષકો પર શારીરિક આક્રમણો કરાયાં તો ક્યાંક વિદ્યાર્થીઓ તરફી શિક્ષકો પોલીસની સામે વિદ્યાર્થીઓના કવચ તરીકે ઊભા રહી ગયા. ૪૦૦થી વધુ શાળાઓમાં શિક્ષણ ખોરવાઈ ગયું. શાળાથી શરૂ થયેલા આ આંદોલનમાં બાદમાં પેરિસ, મર્સૈલ, સ્ટ્રાસબર્ગ, લાયૉન, રેઈમ્સ અને પૉઈટિએર્સમાં ૩૦ શિક્ષણ પરિસરોમાં યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ પણ આ વિરોધમાં જોડાયા. એટલું જ નહીં, આપણે ત્યાં આઈએએસ છે તેવી રીતે ત્યાં પ્રશાસનિક અધિકારીઓ અને શિક્ષકો પણ સરકારે શિક્ષણ અંગે મૂકેલા બજેટ કાપના વિરોધમાં જોડાયા. શું આ બધા વિરોધપ્રદર્શનોનો ઉત્તર પોલીસે ફૂલોથી આપ્યો? ના. પોલીસે અશ્રુ વાયુ છોડ્યો અને લાઠી વીંઝી. જોકે વિરોધીઓની હિંસા એટલી ઉગ્ર હતી કે ૮૩ પોલીસ કર્મચારીઓ ઘાયલ થયા.

વિરોધનો મુદ્દો શું હતો? ફ્રાન્સ કે વ્યાપક રીતે યુરોપ વિશે ભારતમાં એવી માન્યતા કલમઘસુઓએ અને વિદેશી ચમચાઓએ ઘર કરાવી દીધી છે કે (શાહબુદ્દિન રાઠોડના લાભુ મેરાઈની ભાષામાં) યુંરોપ એટલે યુંરોપ.. યુરોપ અને અમેરિકા તો સ્વર્ગ સમાન. ભારત નરક સમાન. યુરોપ અને અમેરિકામાં સરકાર અને સરકારી તંત્ર બધું બરાબર ચાલે. કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ બહુ જળવાય. ત્યાંની શાળાઓ એટલે શાળાઓ. સરકારી શાળામાં જ ભણે. પરંતુ એવું હવે નથી. ફ્રાન્સમાં અત્યારે જે આંદોલન થયું તેના વિરોધના મુદ્દા આ મુજબ છેઃ સરકારી શાળામાં એક વર્ગમાં ઠાંસી-ઠાંસીને વિદ્યાર્થીઓને ભરવામાં આવે છે, શિક્ષકોની ઘટ અથવા શિક્ષકો અનુપસ્થિત રહે છે, શિક્ષણના કલાકો લાંબા છે (એક દિવસમાં વધુ સમય વિદ્યાર્થીઓએ ભણવું પડે છે) અને આટલી બધી ગરમી પડે છે તો વર્ગખંડોમાં એ. સી. નથી તેવા મુદ્દે આંદોલન થયું. તેમનું સૂત્ર હતું, '8 am-6 pm. Mroe hours of lessons than sleep'.

ફ્રાન્સમાં હવે હાલતા-ચાલતા હિંસા થઈ જાય છે. ૨૦૨૩માં હમાસે ઈઝરાયેલ પર આક્રમણ કરી નિર્દોષોને મારી નાખ્યા તે પછી ઈઝરાયેલે હમાસ સામે યુધ્ધ છેડ્યું તેના વિરોધમાં મે ૨૦૨૪માં વિદ્યાર્થી ચળવળકારોએ સાયન્સીસ પો યુનિવર્સિટીના બિલ્ડિંગ પર આધિપત્ય કરી લીધું હતું. પોલીસે તેમને હટાવવા પડ્યા હતા. જુલાઈ ૨૦૨૪માં ડાબેરી યુતિ જીતી તેના આનંદમાં પણ ભારે વિરોધ અને હિંસા ફાટી નીકળી હતી. ૨૦૨૫માં સરકારે લીધેલાં કરકસરનાં પગલાં વિરુદ્ધ ૧૦ સપ્ટેમ્બરે હડતાળ કરી હતી. ગત વર્ષે મેમાં પેરિસ સેઈન્ટ-જૅર્મૈન ફૂટબૉલ ટીમ મિલાન સામે જીતી તેની ઉજવણીમાં લૂટફાટ અને આગચંપી કરાઈ હતી અને ગત મે મહિનામાં ફરીથી પેરિસ સેઈન્ટ-જર્મૈનનો વિજય થયો તો તેના આનંદમાં લોકોએ હિંસા કરી હતી !

એક થિયરી એવી છે કે રાષ્ટ્રપ્રમુખ મેક્રોં સાથે અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પને ઊભા બનતું નથી. અમેરિકા અને ફ્રાન્સ ગ્રીનલેન્ડ, સીમા શુલ્ક (ટેરિફ), નાટો, ઈરાન સામે યુધ્ધ વગેરે અનેક બાબતે સામા છેડે છે. તેના કારણે સીઆઈએ શ્રીલંકા, બાંગ્લાદેશ, નેપાળ અને ભારતની જેમ ત્યાં વિદ્યાર્થીઓનું આંદોલન કરાવી રહ્યું છે. બીજી થિયરી એવી છે કે ૨૦૨૪ની ચૂંટણીમાં ડાબેરી ગઠબંધન ન્યૂ પૉપ્યૂલર ફ્રન્ટ (એનએફપી)ને ૫૭૭માંથી ૧૮૦ બેઠકો મળી હતી, જે સૌથી વધુ હતી, પરંતુ તે સરકાર બનાવી શક્યું નહોતું. આથી ત્યાં મધ્યમ માર્ગી રેનેઈસન્સ અને મધ્યમથી જમણે ઝૂકેલો પક્ષ ડેમોક્રેટિક મૂવમેન્ટ તેમજ હૉરિઝૉને મળીને સરકાર બનાવી છે. ટૂંકમાં ડાબેરીઓ વિરોધમાં છે એટલે વિદ્યાર્થીઓનું આંદોલન કરાવી રહ્યા છે. આનાથી એ સમસ્યા ભૂલી ન જવી જોઈએ કે શિક્ષકોની ઘટ ફ્રાન્સમાં પણ છે, એક વર્ગખંડમાં વધુ વિદ્યાર્થીઓને ભરવામાં આવે છે અને સત્તાધીશો પોતે તો એસીવાળી કેબિનમાં બેસે છે, એસીવાળી કારમાં ફરે છે પરંતુ વિદ્યાર્થીઓને ભર ગરમીમાં દસ કલાક શેકાવું પડે છે. ફ્રાન્સ જેવી સમસ્યા ભારતમાં પણ છે જ. તેનો નિવેડો લાવવો જોઈએ, નહીંતર કોઈ સીજેપી આવશે અને શિક્ષણ પ્રધાનનો ત્યાગ પત્ર અપાવડાવશે. પરંતુ સમસ્યાઓ તો ઠેરની ઠેર જ રહેશે. ■


jaywant.pandya@gmail.com


# શ્રાધ્ધમાં કાગડાને શા માટે બોલાવતા હશે ?

હાસ્યાય નમઃ




ડો. પ્રકાશ દવે
૯૫૭૪૩૭૪૪૫૩


(૧) દંભી વ્યક્તિને શું કહેવું?
રામભાઈ પટેલ (સુરત)
પુરુષ હોય તો દંભીભાઈ અને સ્ત્રી હોય તો દંભીબેન!

(૨) આપણા મલકના માયાળુ માનવી.. આમાં ક્યાં મલકની વાત કરવામાં આવી છે?
રમાબેન પટેલ (અમદાવાદ)
આપણા મલકની.

(૩) ભિખારી સામાન્ય લોકો પાસે માગે પણ સામાન્ય લોકો ભિખારી પાસે શું માગે?
જય દવે (ભાવનગર)
પરચુરણ.

(૪) દીપડા ગામમાં આવશે તો આપણે ક્યાં જઈશું?
ઉન્નતિ મહેતા (રાજકોટ)
દીપડો કહે ત્યાં.

(૫) શી જિનપિંગ અમેરિકા જઈ ને શું કર્યું?
રાજુ એન. જોષી (ધરાઈ બાલમુકુંદ)
ટ્રમ્પ સાથે અડકો દડકો રમ્યા.

(૬) સાહેબ..! પ્રેમ આંધળો છે તો લોકો સુંદરતા જોઈને કેમ પ્રેમમાં પડતાં હશે?
ધોરાજીયા કેવિન ઘનશ્યામ (સાજણટીંબા હાલ કેનેડા)
પાછા પડ્યા કે શું?!

(૭) ઈન્ટરવ્યુમાં પાસ થવા માટે માનતા રાખીએ તો પાસ થઈ જવાય?
ધોરાજીયા ચંદ્રકાંત એન.(સાજણટીંબા)
હા પણ મારે એકલાએ કેટલા ઉમેદવારોની માનતા રાખવી?

(૮) હમણાં જંગલમાં જનાવરોએ માણસ તેમને હેરાન કરે છે એ બાબતે મીટીંગ બોલાવી છે?
ધોરાજીયા ઘનશ્યામ એન (સાજણટીંબા)
આમંત્રણ આવ્યું હોય એને ખબર!

(૯)સર્વત્ર ઈશ્વરનો વાસ હોવા છતાં લોકો માત્ર મંદિરમાં જ ભગવાનને શા માટે શોધવા જાય છે?
રક્ષિત વોરા ક્ષિતિજ (ગાંધીનગર)
આનો જવાબ આપવા માટે મારે બાબા પ્રકાશાનંદ બનવું પડે.

(૧૦) ત્રેવડ ત્રીજો ભાઈ છેપ તો બીજો ભાઈ કોણ?
નીરવ ડણાંક (અમરેલી)
સાઢુભાઈ.

(૧૧) રિમોટથી બધાને ચલાવે એવા પી.એમ. સારા કે પોતે જ રિમોટથી ચાલે એવા?
કનુભાઈ પરમાર (દામનગર)
તમે આ બન્નેમાંથી કઈ રીતે કામ કરી શકશો એ જણાવશો. તમારો વારો આવશે ત્યારે જાણ કરીશું.

(૧૨) શ્રાધ્ધમાં કાગડાને શા માટે બોલાવતા હશે?
કટારીયા આશા હિમ્મતભાઈ (કીડી)
કાગડાઓને ખીર ભાવે છે, દાબેલી નહી એટલે.

(૧૩) કણકણમાં પ્રભુ વસે છે તે વાત સત્ય છે?
હરેશભાઈ મકનભાઈ કાવઠિયા (ઉજળા)
તમે બધા મને સ્વામી પ્રકાશાનંદ બનાવીને જ છોડશો એવું લાગે છે!

(૧૪) દુશ્મનનો દુશ્મન મિત્ર તો મિત્રનો મિત્ર?
દર્શન પટેલ (વડોદરા)
આવું પૂછી પૂછી ને તમે મિત્રને પણ દુશ્મન બનાવી દેશો એવું લાગે છે.

(૧૫) બેટરી અને બકરી વચ્ચે શું તફાવત?
ધવલભાઈ પાનવાળા (રાજકોટ)
બેટરી પોતે ફાટે, બકરીનું દૂધ ફાટે. ■

**નોંધ.. આપના હાસ્યરસિક પ્રશ્નો આપના અને ગામનાં નામ સાથે વોટ્સએપ નં. ૯૫૭૪૩૭૪૪૫૩ પર મોકલો..**

# વિપક્ષ – જ્યારે પ્રજા વચ્ચે લઇ જવાના મુદ્દાઓ મળી જશે ત્યારે....

રાજકીય રસધાર



પ્રવીણ માધાણી

હિંદુ ધર્મની પૌરાણિક કથાઓમાં આપણે વાંચ્યું છે કે ભક્તો દ્વારા અઘોર તપ દ્વારા ઈશ્વરને પ્રસન્ન કરવાની એક સાધના હતી. જેમાં ભક્ત ઈશ્વરની આકરી આરાધના કરીને ઈશ્વરને સન્મુખ લાવવા તપ ધરતા હતા. જેમાં ઘણા રાક્ષસોએ પણ ઈશ્વરની આરાધના કરીને મનોવાંછિત ફળ મેળવ્યાના દાખલાઓ છે. ફળ કે શક્તિ મેળવ્યા બાદ દેવતાઓ અને પ્રજાને હેરાન પરેશાન કરી મૂક્યાના દાખલાઓ પણ છે. કથાઓમાં લખાયેલું છે કે આ તપની પહેલી અસર ઈન્દ્રાસન પર થતી. જે ડોલવા લાગતું. ઈન્દ્રને એક માત્રને એમ થતું કે આ તપથી પોતાની ખુરશી ભયમાં છે. ત્યારબાદ જે ઈશ્વરની આરાધના થતી એ ઈશ્વર ભક્તને દર્શન આપતા અને પહેલું વચન બોલતા... "માંગ, માંગ.... માંગે તે આપું...." ભક્ત પોતાનું વરદાન માંગતો અને ઈશ્વર 'તથાસ્તુ' કહીને વાત પૂરી કરતા. ભારતીય રાજનીતિમાં આજે કંઈક આવી રીતે માંગણીઓ થઈ રહી છે. અલબત આ માંગણીઓની પાછળ સાધના કે આકરા તપના તત્વનો અભાવ છે. આમાં ભક્તો પોતાના એસી રૂમમાં બેસીને માંગણીઓ મૂકી રહ્યા છે કે ફલાણો નેતા રાજીનામું આપી દે.... ફલાણો કાયદો નાબૂદ કરી દેવામાં આવે, ફલાણી ઝુંબેશ કે પ્રવૃત્તિ કે નીતિરીતી પાછી ખેંચીને બંધ કરી દેવામાં આવે. અમે જે રીતની ઈચ્છીએ છીએ એવી સ્થિતિનું નિર્માણ કરી દેવામાં આવે. એ બદલ અમે કોઈ જનાધાર મેળવી લેવાના કે પ્રજા વચ્ચે જઈને સમર્થન મેળવી લેવાના મતમાં નથી. બસ, સરકાર અમે જેમ કહીએ છીએ તેમ કરી દે. સામાંછેડેથી તથાસ્તુ નથી આવી રહ્યું.

થોડા સમય પહેલા કોન્ક્રોચો દ્વારા દિલ્હીના જંતરમંતર પર હિંસક અને અરાજક દેખાવો કરીને સરકારને બાનમાં લઈને એક પ્રધાનનું રાજીનામું અપાવવાનો સફળ પ્રયાસ કરવામાં આવ્યો હતો. એ દેખાવો દરમિયાન ભેગા થયેલા દેખાવકારોએ જે વાણી વર્તન દ્વારા પોતાની વૃત્તિઓ બહાર કાઢી હતી એ આખા દેશે હતપ્રભ થઈને જોઈ હતી. યુવાઓના નામે એક રાજકીય પક્ષનો બીભત્સ ચહેરો દેખાઈ આવ્યો હતો. આ રાજીનામું પડવાથી ભેડિયાના મોઢામાં ખૂન લાગી ગયું હતું. ત્યારબાદ આ કોન્ક્રોચોએ રાજસ્થાનમાં શાળાઓની મુલાકાત લઈને શિક્ષણ વ્યવસ્થા સામે મોરચો ખોલવામાં આવ્યો હતો. પરંતુ ત્યાં સ્થાનિકોએ કોન્ક્રોચોને માર મારીને ભૂંડે હાલ ખદેડી મુક્યા હતા. ત્યારબાદ આ કોન્ક્રોચોએ જ્યાં ચૂંટણી છે એવા રાજ્યોની રાજકીય પાર્ટી સાથે બેઠક કરી હતી. રાજકીય જમીન ફંફોસવાના કોન્ક્રોચોના લગભગ બધા પ્રયત્નો નિષ્ફળ ગયા છે. એવામાં કોન્ક્રોચોનો મૂળ માતૃપક્ષ એ લોકોની વહારે આવ્યો છે. એ પક્ષે કોન્ક્રોચોને આહ્વાન કર્યું છે કે તમે હવે ગૃહમંત્રી અને વડાપ્રધાનના રાજીનામાની માંગણી સાથે સડક પર ઉતરો. ભારતીય રાજનીતિમાં આક્ષેપ આધારિત માંગણીઓનું સ્તર વાહિયાત કક્ષાએ જઈને બેઠું છે. છેલ્લામાં છેલ્લી કક્ષાનો માણસ કોઈપણ ઉચ્ચ કક્ષાના માણસ પર તર્કહીન, બુદ્ધિહીન આરોપ લગાવી શકે છે. તાજેતરમાં આપણે આનું ઉદાહરણ જોયું કે જે વ્યક્તિએ પોતાની જિંદગીના છ દશકા દેશની સેવામાં સમર્પિત કરી દીધા હોય જે ભારતના રીયલ જેમ્સ બોન્ડ છે, એ એનએસએ પર અમુક રાજકારણીઓ દ્વારા માત્ર પોતાની રાજનીતિ જીવતી રાખવા બયાનબાઝી કરવામાં આવી હતી. જે વ્યક્તિને આપના પિતાશ્રી દ્વારા કીર્તિચક્રથી સન્માનિત કરવામાં આવ્યા હતા. તમે જેના નામ પણ નથી સાંભળ્યા એવા સુરક્ષા ઓપરેશનો એમણે ભારત વતી પાર પાડ્યા છે. તમે જાહેર મંચ પરથી તેના પર કોઈ આધાર પુરાવાઓ વિના મનઘડંત આક્ષેપ લગાવો છે, માત્ર તમારું રાજકીય અસ્તિત્વ ટકાવી રાખવા જે આવી હરકતો બાદ પણ તૂટી જવાની કગાર પર છે. આ તો સરકારનું બાયલાપણું છે જે તમારી સામે સાબિતીઓ રાખવાના દબાણની રાજનીતિ કરતા ડરે છે. કોન્ક્રોચો વારેવારે સરકારને અને સિસ્ટમને અલ્ટીમેટમ આપે છે. ફલાણી તારીખ સુધી ફલાણો રાજીનામું આપે, ઢીંકણી તારીખ સુધીમાં ઢીંકણો પદ પરથી ઉતરી જાય, એ આમ કરી શકે છે, કારણકે એણે એક વખત સરકારના નમાલાપાણાનો સ્વાદ ચાખી લીધો છે, નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા દિલ્હી દેખાવો વખતે આચરવામાં આવેલી હિંસા અને વિદ્યાર્થીના વેશમાં છુપાયેલા હિંસક કોન્ક્રોચો સામે કાર્યવાહી ન કરવાનું અભયવચન આપેલ છે. આ લોકોને એમ છે કે આવી બધી અરાજક પ્રવૃતિઓ બાદ પણ અમને કશું નહિ થાય, કારણકે ડરપોક સરકાર અને મદદગાર સુપ્રીમ કોર્ટનો ડબલ બોનાન્ઝા સુરક્ષાઘેરો અમને મળી રહ્યો છે.

પણ, હિંદુ પૌરાણિક કથાઓની જેમ વરદાન મેળવવા માટે કઠોર તપશ્ચર્યા જરૂરી છે. પ્રજાએ નકારી દીધા હશે તો પ્રજા જ પુનઃસ્થાપિત કરશે. જે પ્રજાએ મમતા બેનર્જીને પંદર વર્ષ ચૂંટ્યા હતા, જે પ્રજાએ છ દાયકા કોંગ્રેસને ચૂંટી હતી, જે પ્રજાએ હાલના બધા વિપક્ષોને ખોબા ભરીને વોટ આપ્યા હતા ત્યાં સુધી બધું સમુસુતરું હતું, જેવો વિપક્ષમાં બેસવાનો વારો આવ્યો, જેવી ઉપરાછાપરી હાર થવા લાગી, સત્તાનો વનવાસ લંબાવા લાગ્યો, એટલે બધું બગડી ગયું. ચૂંટણી આયોગ સરકાર માટે કામ કરતો થઈ ગયો, લોકતંત્ર ખતરામાં આવી ગયું, સંવૈધાનિક સંસ્થાઓ સરકાર માટે કામ કરવા લાગી... વગેરે વગેરે. આંદોલન કરીને સરકારની ભૂલો ઉજાગર કરવો વિપક્ષનો ધર્મ છે, પણ ભ્રમ ફેલાવીને પ્રજાને ગેરમાર્ગે દોરવાથી સત્તાનશીન નથી થઈ શકાતું.

લોકશાહીમાં છેવટે બધા આંદોલનો, બધા આક્ષેપ પ્રતિઆક્ષેપનું વાજબીપણું પ્રજાની અદાલતમાં થાય છે. પ્રજા તમને ત્રણ ચૂંટણીઓથી હરાવી રહી છે. બેશક પ્રજાને પણ તમારી સાપેક્ષે અન્ય કોઈને પસંદ કરવાનો અધિકાર છે. તમે એનટાઈટલમેન્ટ નથી ધરાવતા. જેમ પ્રજાએ વર્તમાનની સરકારને પસંદ કરી છે, તેમ તમને પણ પસંદ કરી શકે છે. પણ એ માટેનો રસ્તો આટલો ટૂંકો નથી. દેશની એકસો ચાલીસ કરોડ જનતાને સમજૂત કરવી કે તરફેણમાં કરવી એ છૂટપુટ મુદ્દાઓનું કામ નથી. પ્રજાને પહેલાતો તમારી કથની કરણી પર ભરોસો પડવો જોઈએ. જે તમે કરી રહ્યા છો એ સ્વીકૃત થવું જોઈએ. ભારતની આજની રાજનીતિનું બ્રહ્મજ્ઞાન છે, જો કોઈને લેવું હોય તો લઈ શકે છે કે દેશમાંથી હવે પરિવારવાદની રાજનીતિ સમાપ્ત થઈ રહી છે. પ્રાદેશિક સ્તરે પરિવાદવાદથી ચાલતા પક્ષો સમાપ્ત થઈ રહ્યા છે, રાષ્ટ્રીય સ્તરે થવામાં થોડો સમય લાગશે... એટલું જ. ક્વિક નોટ – શેષનને એક રાજકારણીએ પાગલ કુત્તા સાથે સરખાવ્યા... શેષને જવાબ આપ્યો... "એક જ જાતવાળા બીજાને તરત ઓળખી લે છે..." ■


production@infiniumpharmachem.co

# એક રસ્તા, દો રાહી



લઘુનવલકથા



યોગેશ પંડયા

બીલેશ્વર!

વીંછીયા-રાજકોટ હાઈવે પર આવેલ હિંગોળગઢના રાજમહેલ પાસેના જમણા હાથે વળી નીકળતા રસ્તાને અંતિમ છેડે આવેલું પ્રાચીન તીર્થધામ ! ડુંગરોની ગોદમાં પોઢેલું ભગવાન શિવજીનું પુરાણું સ્થાનક !

દર્શનાર્થીઓમાં ઉમંગ છે. નાના બાળકોએ ફૂલવાડીયા આનંદ કિલ્લોલ કરે છે. એમની વચ્ચે, હજી હમણાં જ સ્નાનાદિથી પરવારી પૂજાપાઠમાંથી ઊઠેલો એક ત્રીસેક વર્ષનો યુવાન સંન્યાસી જમણાં હાથે માળાના જલપાત્રમાં પાણી ભરીને મંદિરના મુખ્ય પ્રવેશદ્વાર આગળ આવીને ઊભો રહી જાય છે.

શિવજીને જળભિષેક કરીને એ હજી હમણાંજ મંદિરમાંથી બહાર નીકળ્યો છે. અચાનક એક હોન્ડાસીટી કાર ત્યાં આવીને અટકી ગઈ. ધીમેથી કારનો દરવાજો ખૂલ્યો. પાછલી સીટમાંથી એક સ્ત્રી બહાર નીકળી. તેણે સાડી સહેજ ઠીકઠાક કરી. ત્યાં જ ડ્રાઈવર ગાડીને યોગ્ય પાર્કિંગમાં મૂકવા માટે કાર દોરી ગયો. અચાનક પેલા સંન્યાસીનું ધ્યાન પેલી સ્ત્રી તરફ પડ્યું. આગંતુક સ્ત્રી પણ ઘડીભર જોઈ રહી અને પછી વર્ષો પછી જાણે ખોવાયેલી ચીજ પાછી મળી જાય એવી ખુશી તેના ચહેરા ઉપર છલકી ઉઠી. સહસા તેના હોઠ પરથી નીકળી ગયું : ‘‘આકાશ તું ?’’

કોઈએ તેને પૂર્વજીવનનાં નામથી ઉલ્લેખ્યો હોય એવો ખ્યાલ આવતાં જ તે બે ડગલાં પાછળ હટી ગયો પણ પેલી સ્ત્રીની સાથે નજરો મેળવવાથી તેની પહેચાન છતી થઈ ગઈ.

તે ધરતી હતી. ‘‘આકાશ મને ન ઓળખી ? હું ધરતી...’’ એકદમ નજીક આવતા બોલી ઉઠી.

‘‘હા, ઓળખી. તને એમ થોડો સાવ જ ભૂલી જાઉં !‘‘ આકાશના અવાજમાં રૂક્ષતા આવી. ‘‘સાવ એટલી વારમાં જ એ ઝખમનું વિસ્મરણ ન થાય ધરતી..’’

‘‘આઈ એમ સોરી આકાશ ! હું દિલગીર છું. તને ઝખમ આપીને તરછોડી દેવાના મારા ગુનાને લીધે તું મને કોઈ પણ સજા આપી શકે છે. મને તમાચા માર, મારી આંખો ફોડી નાખ, અરે, મારું ખૂન કરી નાખીશ તો પણ હું એક શબ્દ નહીં બોલું બસ ! લે, આ શરીર તારે હવાલે...’’

‘‘જો એવું જ કરવું હોત તો તો ઘણા રસ્તા હતા. પણ હું તારા જેવો હિંસક પ્રાણી નથી. પણ, એક વાત અત્યારે તને કહી દઉં છું કે મને સાવ ખોટા નરાતાળ વચનો આપીને ફરી જવું નહોતું. યુ નો, કે હું તને ચાહતો હતો. અને એ ચાહનાનું, પ્રેમનું તે ઠંડે કલેજે ખૂન કરી નાખ્યું?

ધરતીની આંખોમાં આંસુ હતા.

આકાશ બોલતો હતો, ‘‘મેં તને મેળવવા ખૂબ જ પ્રયત્નો કર્યા. તારા ઘરે પણ આવ્યો. તારા પપ્પાએ તો ન કહેવાના શબ્દો કહ્યા. પણ મને ક્યાં ખબર હતી કે જેને હું પ્રેમ માનતો હતો, તેને તું છલના માનતી હતી. તો પછી એ પ્રેમના નાટક માટે મારા જેવા ભલા ભોળા અને પ્રેમાળ માણસની જ શું કામ પસંદગી કરી ? બોલ, ધરતી બોલ ! તારી પાસે એનો જવાબ છે ?’’

‘‘મારી ભૂલ થઈ ગઈ હતી આકાશ ! જુવાની અને નાદાનિયતમાં તારા હૃદયમાં રહેલી ચાહત અને પ્રેમને હું ન પહેચાની શકી. ને ઊંડા કુવામાં ખાબકી ગઈ. કાશ ! જો તારી સાથે લગ્ન કર્યા હોત તો આ દર્દને મારે સહેવું ન પડત, મને માફ કરી દઈશ આકાશ ? મારા કર્મનું અને તારી બદદુઆનું ફળ મને મળી ચૂક્યું છે. જો કે તારી માફીથી પણ બદનસીબ ધરતીના પાપ નહીં ધોવાય, આકાશ...‘‘ બોલતી બોલતી ધરતી ધ્રુસકે ધ્રુસકે રડતી આકાશના પગ આગળ જ ઢગલો થઈ ગઈ.

-આકાશ ગરીબ મા-બાપનો એકનો એક દીકરો. ગ્રેજ્યુએટ થયા પછી ખૂબ સંઘર્ષને અંતે નોકરી મળી તો પણ કંડક્ટરની ! પણ નિષ્ઠાપૂર્વક ફરજ બજાવતો. બોટાદ-રાજકોટ રૂટમાં એ કંડક્ટર હતો. વીંછિયા ગામથી પાંચ-છ છોકરીઓ બોટાદ કોલેજ કરવા આવતી. સાથે સાથે ખૂબસુરત ધરતી પણ આવતી. આકાશને જાણે સપનાની પરી મળી ચુકી હતી. એટલે જ એક દિવસ આકાશે ધરતીને કહી દીધું : ‘‘ધરતી આ મારી આંખોની ભાષા તો તું વાંચી શકતી હોઈશ. જો વાંચી શકે તો સમજી શકીશ કે હું તને શું કહેવા માંગુ છું ?’’

‘‘પચ્ચીસ વર્ષનો છોકરો અઢાર વર્ષની છોકરીને શું કહેવા માંગતો હોય એટલી નાની અમથી વાત હું ન સમજી શકું એવી બુધ્ધુ તો હું નથી જ પણ...‘‘ ધરતીએ પોતાના દાંતમાં નીચલો હોઠ દબાવતા કહ્યું : ‘‘પણ મારી આંખોની ભાષા અત્યાર સુધી તું ન સમજી શક્યો એટલે તું તો બુધ્ધુ ખરો જ...’’

‘‘ડોબો જ કહેને...’’ આકાશ ધન્ય ધન્ય થઈ જતા બોલ્યો.

‘‘એ તો છો જ. બાકી આમ છોકરી જેમ શરમાતા શરમાતા પ્રેમનો એકરાર ન કર્યો હોત ખરું ?’’

જવાબમાં સાચ્ચે જ આકાશની પલકો મુગ્ધા જેમ ઢળી ગઈ હતી. અને ધરતી ખડખડાટ હસી પડી હતી. એ હાસ્યમાં શું હતું? એ આકાશ સમજી શક્યો નહતો. એ તો બસ પહેલા પહેલા પ્યારના ખ્વાબમાં જ ખોવાઈ ગયો હતો. પણ આકાશ જેને પ્યાર સમજતો હતો તેને ધરતી બે ઘડીની રમત સમજતી હતી. એટલે આકાશને સહેજ પણ ખ્યાલ આવવા દીધા વગર ગ્રેજ્યુએશન પુરૂં કરીને તરતજ ક્ષિતિજ જેવા ગર્ભશ્રીમંત પિતાના એકના એક પુત્ર સાથે પરણી ગઈ. આકાશને જ્યારે ખબર પડી ત્યારે તે હચમચી ઉઠ્યો. તે ચીખતો રહ્યો, ચીલ્લાતો રહ્યો પણ અંતે બધું જ વ્યર્થ. એક દિવસ ધરતીને ઘરે ગયા અને ક્ષિતિજનું સરનામું માંગ્યું. જવાબમાં ધરતીના બાપના હોઠોમાંથી શબ્દો નીકળ્યા : ‘‘ઝાંઝવા પાછળ દોડવાનું રહેવા દે. તારામાં ધરતીને પરણવાની કોઈ હેસિયતજ નથી.’’ આકાશના હાથની મુઠ્ઠીઓ વળી ગઈ જડબું તંગ થયું. એના બાપે કહ્યું : ‘‘થમ છોકરા થમ આગળ વધવાની કોશીશ ના કર, વધારે કંઈ સાંભળવું ન હોય તો ચાલ્યો જા.‘‘ પણ આકાશે ચીસ પાડીને કહ્યું : ‘‘ધરતી ક્યાં છે ?’’ જવાબમાં, એની શોધ કરવાની માંડી વાળ, નહીંતર હાડકા પાંસળા એક થઈ જશે. તું ખોવાઈ જઈશ. અને તારું કુટુંબ નિરાધાર બની જાશે. હું શામ, દામ, દંડ અને ભેદ એ ચારેય રીત અખત્યાર કરી જાણું છું. કહી તેણે તાળી પાડી. જવાબમાં બે હટ્ટાકટ્ટા પહેલવાન આવ્યા. આકાશ થથરી ગયો. તેના કાને શબ્દો સંભળાયા, ‘‘ધરતીને ભૂલી જવામાં જ તારૂં શ્રેય છે સમજ્યો ? ચલ, ઉપડ બે બદામનો મુફલિસ. ફરી ચડતો નહીં આ ઘરના ઉંબરે નહિંતર...’’ એણે ચપટી વગાડી અને એક પહેલવાને તેના ખભાને થપથપાવ્યો આકાશ બેવડ વળી ગયો. એ ઊભો થઈને બહાર નીકળી ગયો. પાછળથી અટ્ટહાસ્ય સાથે શબ્દો સંભળાયા ‘‘સાલ્લો કંડક્ટર...’’

(ક્રમશઃ) ■

## છેલ્લે તો મહેશ સાથે શાંતુએ આવા સંબંધો બાંધ્યા...હતા



# રાખનાં રમકડાં



ધારાવાહી નવલકથા

અમૃત પરમાર

પછી કોઈ અનોખા આનંદ સાથે રસોડાનું બાકી રહી ગયેલ કામ તેણે ઝડપથી પૂરું કર્યું. બધું કામ પૂર્ણ થઈ જતાં તે હવે તેના બેડરૂમ તરફ જવા ઉતાવળે ચાલી. રૂમમાં દાખલ થઈ તેણે જોયું તો દામલની આંખો બંધ હતી. તે ઊંઘી ગયો હતો.

દામલ તો સાચે જ ઊંઘી ગયો હતો. એટલે તો શાંતુને સાવ નિરાંત થઈ હતી. હવે ધામે રહીને તે દામલની બાજુમાં લાંબી થઈ ગઈ. ઘણીવાર સુધી તે આંખો પટપટાવીને એમ જ અનેક વિચારોમાં ફસાતી રહી.

શાંતુને મનમાં મનમાં થતું હતું કે મહેશ નામના તરવરિયા યુવાન સાથે આવા અનૈતિક કે આડા સંબંધો બાંધ્યા એ સાચું કે ખોટું ? ત્યારે તેનું દુઃખી મન તેને જ કહેતું કે : આડા સંબંધો હંમેશાં સીધા માણસના જ કર્મમાં લખાયેલા હોય છે. આડા સંબંધો હોય એમાં શું ? જો ઘરનો મર્દ સાચું સુખ આપવા અસમર્થ હોય તો આડા સંબંધોની આડમાં સાચું સુખ પ્રાપ્ત કરવું એ પાપ ન ગણાય.

છાનો છાનો દંભ શાંતુ અને મહેશ કરતાં હતાં. આમ જોઈએ કૂવારા એવા મહેશને સંધ્યાને પરણિત એવા શાંતુ ભાભી સાથે ઈશ્ક જ થઈ ગયો હતો ને શાંતુને તો પ્રથમદ્રષ્ટિ આ કૂંવારો છોકરો આખેઆખો ખાઈ જવાનું મન થયેલું. બંને વચ્ચે પ્રેમ, પ્રણય અને સેક્સના બગીચા ઉગી નીકળ્યા હતા. જિંદગીમાં પરણ્યા પછી આ મહેશ નામના છોકરા દ્વારા જ શાંતુને પ્રથમવાર પોતાના શરીરમાં ચરમસીમાની પરમ પ્રાપ્તિ મળેલી હતી. આ કેમ ભૂલી શકાય...?

બીજું, હવે શાંતુને ખ્યાલ આવી ગયો હતો કે, પોતાના શરીરમાં અંદરથી કંઈક અલગ પ્રકારનો ફેરફાર થવા માંડ્યો છે. વળી બીજા પણ અનેક સંકેતો મળતાં રહેતાં હતા. આ બધા ફેરફાર શા માટે થઈ રહ્યા હોય ? તે પણ તેની જાણ બહાર ન હતું. અને આ બધું થવાનું કારણ પણ દામજી એવો મહેશ જ હતો. એ છોકરાએ તો રંગ જ રાખ્યો હતો. તેને કેમ કરીને ભૂલી શકાય...?

પરંતુ હવે શાંતુને એક જ વાતની ચિંતા એ હતી કે, દામલને વાત કરવી કેમ ?

જ્યારે પણ દામલને જાણ થશે ત્યારે તે મારા વિશે કેવું કેવું વિચારશે ?-શાંતુ વિચારતી હતીઃ અત્યાર સુધી દામલના મુફલીસ શરીર થકી જે સુખ પોતાને મળવું જોઈએ તે તો શાંતુએ અનુભવ્યું ન હતું. અને આ માટે દામલ જ જવાબદાર હતો. વળી આ બાબતની જાણ દામલને પણ હતી જ હતી. તો પછી હવે શાંતુની આટલા વર્ષો પછી આવી સ્થિતિ થતાં, દામલને આવી જાણ થતાં હવે પછીના દામલની પ્રતિક્રિયા કેવી હશે...?! હા, દામલ પોતે જ જાણતો હતો કે, તે ક્યારેય પણ શાંતુને બાળક આપી શકશે નહીં. તો પછી હવે શાંતુના પેટમાં આ બાળક...

આમ શાંતુ આવા અનેક વિચારોમાં અટવાતી રહી. તેના લીધે જ તેને મોડે મોડે માંડ ઊંઘ આવી. એ ધૂણ ઊંઘી ને મીઠી ઊંઘમાં સપનાં પણ ચાલુ થયાં. બરાબર આ સમયે દામલને પણ મીઠી ઊંઘમાં સાવ અલગ જ પ્રકારનું સપનું આવી રહ્યું હતું. સપનામાં... એટલે કે અવાસ્તવિક ભૂમિમાં તે તેની પોતાની જાતને જોઈ રહ્યો હતોઃ

સુંદર મજાના રમણીય એવા સ્થળે એક સામાન્ય એવા મંદિરના મેદાનમાં દામલ થઈ પડ્યો. ધીમે ધીમે મંદિરનાં પગથિયાં તે ચડી રહ્યો હતો. એક એક પગથિયું તે માંડ માંડ ચડતો હતો. શ્વાસ વધતો હતો. તેના પગમાં અસહ્ય થાક વરતાતો હતો. પગથિયાં પૂર્ણ થતાં જ તેને રામભક્ત હનુમાનજી મહારાજનાં દર્શન થયાં. આને ભાગ્ય કહેવાય, બે હાથ જોડી, મસ્તક નમાવી તે પગે લાગ્યો. પગે લાગતાં લાગતાં ગળગળા બનીને તેણે હૃદયથી પ્રાર્થના કરીઃ હે દાદા...! બસ હવે તમે મને તમારી ચરણોમાં સ્થાન આપો. લાંબુ જીવવાની ઘણી ઈચ્છા છે પણ સારી રીતે જીવી શકાતું નથી. ક્યારે મરવાની ઈચ્છા પ્રબળ થઈ આવે છે પણ મરી શકાતું નથી. કારણ કે વગર મોતે મરવું એ મહાપાપ છે. બસ..., હવે તો તમે જે મને તમારાં ચરણોમાં સ્થાન આપો...

હે પ્રભુ...! જીવીને આ સંસારી જીવન ખૂબ જ ખરાબ છે. હું ખૂબ ખૂબ કંટાળી ગયો છું. આ સમાજમાં હવે વિશ્વાસ જેવો શબ્દ જ નથી રહ્યો. કોના પર વિશ્વાસ રાખવો ? ક્ષણિક સુખ માટે બધા પુરુષો અને સમગ્ર સ્ત્રીજાત... જાત જાતનાં પ્રપંચો કહ્યા કરે છે. એટલું જ નહીં પરંતુ ખોટા સોગંદ ખાઈને જ ખોટું બોલે છે. તો પછી આવા સમાજમાં રહેવાનો ફાયદો શું ? હેં ભગવાન..., મારી ઈચ્છા તો માત્ર એટલી જ છે કે, તમે મને તમારાં ચરણોમાં આશરો આપજો. મારું હવે પછીનું શેષ જીવન તમારાં ચરણોમાં પૂરું થાય તેવી આ દામલની હૃદયપૂર્વક પ્રાર્થના છે. નાથ...! તમે મારા પર કૃપા કરજો, કૃપા કરજો... (ક્રમશઃ) ■

# સ્વસંઘર્ષના ગાણાં શું ગાયા કરો છો ? જરા લાજો...!



સપ્તરંગ

દિલીપ ભટ્ટાચાર્ય

કોઈ સંકટઘેર્યા મનુષ્યને એમ કહેવું કે આ એ બધો સમય છે જેનાથી તારો ઉધ્ધાર થવાનો છે તો એવા ઉપદેશની એને જરૂર હોતી નથી. આપણે ત્યાં સંઘર્ષના એડવોકેટોની સંખ્યા એટલી વિશાળ છે કે યૌવનમાં પ્રવેશતા સુધીમાં તો દરેકને એમ સમજાવી દેવામાં આવે છે કે સંઘર્ષ જ સફળતાનો રાજમાર્ગ છે. ખરેખર તો સફળતા માટેના અનેક રસ્તાઓમાં થર્ડ ક્લાસ રસ્તો સંઘર્ષ છે. આ જગતમાં બધું જ સુગમ અને સરળ છે. પરંતુ માત્ર પોતાની ‘દુકાન’ ચલાવવા માટે કેટલાક લોકોએ બધું જ દુર્ગમ હોય એવા ઘંટારવ ચાલુ રાખ્યા છે. કશુંક પ્રાપ્ત કરવા માટેની સાધના તો એક પ્રક્રિયા છે. તમારી ઈચ્છા હોય તો એવી સાધના કરો એને ઉતાવળે સંઘર્ષ કહેવાની જરૂર નથી. અનેક પ્રક્રિયાઓને આપણે સંઘર્ષ કહીએ છીએ તે એટલી હદે કે આપણા દેશમાં સાવ સામાન્ય સંકટ હોય એનેય કોઈ મહાવિષાદી પુરુષાર્થની જેમ વર્ણવનારા નેરેટરો છે. દુઃખને ગ્લોરિફાય કરવામાં ભારતનો જોટો જડે એમ નથી. એમાંય કોઈ કોઈ તો એવા સુખી લોકો હોય કે જેઓ પ્રયત્નપૂર્વક ભૂતકાળમાંથી પોતાના દુઃખ ફંફોસીને કહેતા હોય. દુઃખનું વર્ણન કરવામાં વ્યક્તિ જો વળી આપવડાઈ દાખવે તો પછી એમને સાંભળવાનું અસહ્ય થઈ પડે.

જિંદગી આપણને જે કંઈ આપે છે એના બદલામાં એને ખોટકાઈ જવાનો પૂરો અધિકાર છે. આ શરીરની વાત નથી. થોડા લોકોનો અનુભવ એવો છે કે ક્યારેક સાવ નાનકડી ભૂલથી જિંદગી અણધારી અને કદી કલ્પના પણ ન કરી હોય એવી ઝંઝાળમાં ફસાઈ જાય. ચારે બાજુ સંયોગોના ભીષણ ઉછળતા મોજાંઓ અને આપણા નેત્રોને વળગેલી દિશા-શૂન્યતા. જે જહાજ મધદરિયે ફંગોળાય પછી એના સુકાનીની હાલત શું થાય ? એ કહેવા ખાતરનો જ સુકાની રહે. સુકાન સંજોગોના હાથમાં આવી જાય. જહાજ એવું ડોલે કે એ ખુદ એક મોજું બની જાય અને એયને લહેરે લહેરે બહુ ઊંચે ચડીને પછડાય... દરિયાને મન તો લહેરાય! સુકાની તો પણ કંઈ નિઃસહાય દર્શક થઈ બેસી ન રહે. સુકાની એને કહેવાય જે પોતાના ડૂબવાની તમા વિના વહાણને ઉગારે. વહાણ સાથે પોતાને બચવાનીય માયા હોય એ ખલાસી, સુકાની નહિ. આમ પણ સુકાનીઓ એક અલ્પસંખ્યક સમુદાય છે. સંસારના બધા ક્ષેત્રોમાં ખલાસીઓ પારાવાર છે, સુકાની તો ક્યાંક ક્યાંક જ હોય. ચન્દનમ્ ન વને વને !

નાનકડી ભૂલ ખરેખર તો દુનિયાના તમામ મહાકાવ્યોનો અને મહાન નાટકોનો વિષય છે. પર ધન, પર સ્ત્રી, પરાશ્રય, પર ધર્મ... આ બધાને ભયાવહ માનવામાં આવે છે. પ્રારંભે આકર્ષક હોય અને પરિણામે એટલે કે અંતે ભયાનક હોય. મનુષ્ય આ પૃથ્વીના પટમાં રઝળપાટ જેટલો પણ કરે એની ધૂળ કે સોનરજ એના ઘર પર ઉડ્યા વિના રહેતી નથી. સર્વ કર્મોનો વરઘોડો આખરે આપણા ફળિયે આવે છે. ક્યારેક પત્નીની આંખો વણઉચ્ચારે કહેતી હોય છે કે... તમે આવા તો ન હતા ! સાવ અલ્પ કહેવાય એવા આ આયુષ્યમાં સહેજ બેધ્યાન થાઓ એટલે ઘોંઘાટ ઘરમાં ઘર કરી જાય છે. આ જગતમાં દર્દીઓને હમદર્દીઓની જરૂર છે એનાથી તો ક્યાંય વધુ ક્લેશકારીઓને શાન્તિદાયકોની અને સુલેહકારીઓની જરૂર છે.

જિંદગી કોઈ જહાજની જેમ જ્યારે ઝંઝામાં ફસાઈ જાય છે ત્યારે બધા જ વૃક્ષવેલ સૂસવાટા મારતા પવનમાં ઝૂકી જાય છે. ડગલું આગળ વધવાની વાત તો ક્યાં ? જ્યાં છીએ ત્યાંથી પતન શરૂ થાય છે. આ જગતમાં એવું કોઈ નથી જેના પર ઝંઝાનિલ ન ફૂંકાયો હોય. આવા સમયે પાંદડા પીળા હોય તે ગગનનૃત્યના મંડપે ઉડીને પછી બહુ દૂર જઈ પડે છે. જે જે લીલાછમ હોય તે વળગી રહે છે. ઝંઝા આવે છે તો સંયોગથી પણ એમાં ટકે છે એ જ જેના કૂવાથંભ મજબૂત હોય. કે જે ઝાડના મૂળ ઊંડા હોય. કેટલાક લોકો એટલા સુખાળવા થઈ ગયા, હોય છે કે જરાક આંચકો લાગે કે તુરત એમનું જહાજ ઊંધુ વળ્યું જ સમજો ! જેઓ એમ માને છે કે તેઓ સુખી થવા માટે જ પૃથ્વી પર આવ્યા છે, વાત સાચી પણ છે, પરંતુ તેઓ જિંદગીના પલટાઉ રંગથી સાવ અપરિચિત હોય છે.

સુખનું વર્તુળ એ સૌથી અઘરી ડિઝાઈન છે. કોઈનાથીય આ વર્તુળ પૂરું થતું નથી. બે છેડા ભેગા કરવા જાઓ ત્યારે એ જ વર્તુળમાં વળી ઈતર કોઈ બાહ્ય ગોળાર્ધે અનુસંધાન તૂટી જાય છે ને ખાલી જગ્યા દેખાય છે. ત્યાં રેખા આગળ ચલાવો ને માંડ વર્તુળ પૂરું થવા આવે ત્યાં વળી બીજે ક્યાંક રેખા તૂટે છે. સાધુ પુરુષો શું કરે છે ? તેઓ એકેય બાજુથી રેખાઓના ટુકડાને સાંધવાની મથામણ કરતા નથી. સંસાર જ જેમણે છોડી દીધો છે એ તો વર્તુળની બહારના વિરાટ અવકાશના પંખી છે. એમની પાસે બજારમાં વેચાતા સુખના ગણિત કે જાતે બનાવેલા કોષ્ટકો નથી. તેઓ સુખનો પીછો કરતા નથી. શાન્તિના તો તેઓ સર્જક છે એટલે એમણે શાન્તિ શોધવાની નથી. એમને મન શ્વાસનો પવન અને ઝંઝાનો સૂસવાટો એક જ છે અને એ જ ખરા સાધુપુરુષ છે. ■

.આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ પ્રા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.

# ધારીના દલખાણીયાની વાડીમાં ટ્રાન્સફોર્મર પર વીજ કરંટ લાગતા દીપડાનું થયું મોત


તસવીર : સંજય વાળા

ધારી,તા.૦૩

ધારી ગીર વિસ્તારમાં વન્યજીવોના અકાળે મોતના બનાવો સામે આવી રહ્યા છે ત્યારે દલખાણીયા રાઉન્ડના રેવેન્યુ વિસ્તારમાંથી વધુ એક દીપડાના મોતની ઘટના સામે આવી છે. દલખાણીયા ગામની વાડી વિસ્તારમાં શિકારની શોધમાં નીકળેલા દીપડાનું ઈલેક્ટ્રિક ટીસીમાંથી કરંટ લાગવાના કારણે મોત થયું હતું. મળતી માહિતી મુજબ હસમુખ સોલંકીની વાડીમાં આ બનાવ બન્યો હતો. રાત્રિના સમયે શિકારની શોધમાં નીકળેલો દીપડો છલાંગ મારતા ઈલેક્ટ્રિક ટીસી પર જઈ પડ્યો હોવાનું સ્થાનિકોનું માનવું છે. ભારે વીજપ્રવાહના સંપર્કમાં આવતા દીપડાને જોરદાર કરંટ લાગ્યો હતો અને ઘટનાસ્થળે જ તેનું મોત નિપજ્યું હતું. બનાવની જાણ થતાં વનવિભાગનો કાફલો તાત્કાલીક સ્થળે દોડી આવ્યો હતો. ટીમે મૃત દીપડાનો કબજો મેળવી પીએમ માટે ખસેડવાની કાર્યવાહી હાથ ધરી હતી. પીએમ રિપોર્ટ બાદ આગળની કાયદેસરની તપાસ હાથ ધરાશે. ખુલ્લા ટ્રાન્સફોર્મરોને કારણે વન્યજીવોની સુરક્ષા અંગે ચિંતા વ્યક્ત થઈ રહી છે

# ગાંધી જયંતિ નિમિત્તે SGVP ગુરુકુળ પરિવારનું ભવ્ય સ્વચ્છતા અભિયાન



અમદાવાદ, તા.૦૩

ગાંધી જયંતિ નિમિત્તે **SGVP** ગુરુકુળ પરિવાર દ્વારા અમદાવાદ સહિત ૫૧ ગામોમાં ભવ્ય સ્વચ્છતા અભિયાન યોજવામાં આવ્યું હતું.

ગુરુકુળ પરિવાર દ્વારા દર વર્ષે સ્વચ્છતા ઝુંબેશનું આયોજન કરવામાં આવે છે. આ પ્રસંગે પરમ પૂજ્ય ગુરુવર્ય માધવપ્રિયદાસજી સ્વામી તથા બાલકૃષ્ણદાસજી સ્વામીની ઉપસ્થિતિમાં વિદ્યાર્થીઓ, સંતો અને હરિભક્તોએ ગુરુકુળ રોડ તથા આસપાસના વિસ્તારની સફાઈ કરી હતી. સંતોના માર્ગદર્શન હેઠળ ૫૧ ગામોમાં પણ સ્કૂલના બાળકો અને ગ્રામજનો દ્વારા સ્વચ્છતા અભિયાન યોજાયું હતું. આશીર્વચન આપતા સ્વામીજીએ બાહ્ય, વૈચારિક અને માનસિક એમ ત્રણ પ્રકારની સ્વચ્છતા અંગે સમજ આપી હતી. કાર્યક્રમના અંતે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના સ્વાસ્થ્ય અને દીર્ઘાયુ માટે પ્રાર્થના કરવામાં આવી હતી. અમદાવાદના મેયર દિનેશભાઈ બારોટ, ધારાસભ્ય અમિતભાઈ ઠાકર, કોર્પોરેટર ધરમશીભાઈ દેસાઈ તથા પ્રવીણભાઈ પટેલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલીમાં આજે સંસ્કૃતિને ઉજાગર કરતુ 'જેસલ તોરલ' નાટક ભજવાશે

**કાર્યક્રમનો કલા પ્રેમીઆને લાભ લેવા આયોજકોએ અનુરોધ કર્યો**

અમરેલી,તા.૦૩

અમરેલીમાં વિસરાઈ ગયેલી વિરાસતને ઉજાગર કરતું મોરબીનું પ્રખ્યાત ભવાઈ મંડળ દ્વારા 'જેસલ તોરલ' નાટકની ભવ્ય પ્રસ્તુતિ કરવામાં આવશે. મહેન્દ્રભાઈ અને પ્રફુલભાઈ વ્યાસ દ્વારા આ નાટક ભજવવામાં આવશે. આ નાટ્ય પ્રસ્તુતિ આગામી તા. ૪-૧૦-૨૦૨૬ને રવિવારના રોજ રાત્રીના ૯ કલાકે ચકરગઢ રોડ ઉપર કાનાણીની વાડી, દયાળભાઈ સંઘાણીના ઘર પાસે યોજાશે. આ કાર્યક્રમમાં કલા અને સંસ્કૃતિને પ્રેમ કરનાર સૌ લોકોને ઉપસ્થિત રહેવા માટે ભાવભર્યું જાહેર આમંત્રણ આપવામાં આવ્યું છે. ગુજરાતી લોકકલા અને ભવાઈની પરંપરાને જીવંત રાખતા આ કાર્યક્રમનો કલા પ્રેમીઓને લાભ લેવા આયોજકોએ અનુરોધ કર્યો છે.

# ધારી તાલુકાના કોઠા પીપરીયા પ્રા.શાળાની દીકરીઓ સંસદ ભવનની મુલાકાત લેશે



અમરેલી, તા. ૦૩

અમરેલી જિલ્લાના ધારી તાલુકાની કોઠા પીપરીયા પ્રાથમિક શાળાની બે તેજસ્વી વિદ્યાર્થીનીઓ હેમાંશી અને પટોળિયા દરશાલી તથા માર્ગદર્શક શિક્ષક સંદીપભાઈ ધડુકની નવા સંસદ ભવન, નવી દિલ્હીની શૈક્ષણિક મુલાકાત માટે પસંદગી કરવામાં આવી છે. રાષ્ટ્રીય કક્ષાએ વિજ્ઞાનની ઉત્તમ કૃતિ રજૂ કરવા બદલ તેઓને સંસદ ભવનમાં ગાંધીજી કાર્યક્રમ નિમિત્તે યોજાનાર કાર્યક્રમમાં હાજર રાખવામાં આવ્યા છે. તેમની આવક-જાવક ફ્લાઈટ દ્વારા કરવામાં આવી છે અને તમામ વ્યવસ્થા કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવી છે. તા. ૧ ઓક્ટોબરે અમદાવાદથી દિલ્હી માટે ઈન્ડિગોની ફ્લાઈટ દ્વારા પ્રવાસ કર્યો હતો. પ્રવાસ દરમિયાન નવા સંસદ ભવન ઉપરાંત રાષ્ટ્રપતિ ભવન, અક્ષરધામ મંદિર અને ઈન્ડિયા ગેટની મુલાકાત પણ લેશે. આ સિદ્ધિથી શાળા, ગામ અને અમરેલી જિલ્લાનું ગૌરવ વધ્યુ છે. વિદ્યાર્થીનીઓની સિદ્ધિ અન્ય વિદ્યાર્થીઓ માટે પ્રેરણારૂપ બનશે.

# કુંકાવાવના નાજાપુર ગ્રામસભાની કાર્યવાહી માન્ય ન ગણવા માંગ

**ગ્રામસભા ફરીથી યોજવા કૌશિક પાનસુરીયાએ તાલુકા વિકાસ અધિકારીને રજૂઆત કરી**

અમરેલી,તા.૦૩

કુંકાવાવ તાલુકાના નાજાપુર ગામે તા. ૦૨/૧૦/૨૦૨૬ના રોજ યોજાયેલ ગ્રામસભામાં યોગ્ય જાહેર જાણ કરવામાં આવી ન હતી તેવો આક્ષેપ કૌશિક પાનસુરીયાએ કર્યા છે. તેમણે તાલુકા વિકાસ અધિકારીને લેખિત રજૂઆત કરીને જણાવ્યુ કે ગ્રામસભામાં ગામના માત્ર ૧૦ જેટલા વ્યક્તિઓ હાજર રહ્યા હતા અને પંચાયતના એકપણ ચૂંટાયેલા સભ્યો ઉપસ્થિત રહ્યા ન હતા. આથી કોરમ તથા નિયમોનું પાલન થયુ કે નહીં તેની તપાસ કરવામાં આવે અને કાર્યવાહી માન્ય ન ગણી ગ્રામસભા ફરીથી યોજવા માંગ કરાઈ છે. ગામના વિકાસના નિર્ણયો પારદર્શક રીતે લેવાય તે જરૂરી છે.

# નાયરાના પેટ્રોલના ભાવમાં રૂ.૫ અને ડીઝલમાં રૂ.૩નો વધારો



નવીદિલ્હી, તા.૦૩

દેશની મોટી ખાનગી ઈંધણ રિટેલર નાયરા એનર્જીએ પેટ્રોલના ભાવમાં પ્રતિ લિટર રૂ.૫ અને ડીઝલના ભાવમાં રૂ.૩નો વધારો કર્યો છે. કંપનીએ શનિવારની વહેલી સવારથી દેશભરના પોતાના પેટ્રોલ પંપો પર નવા ભાવ લાગુ કર્યા છે. સૂત્રોના જણાવ્યા મુજબ વૈશ્વિક ઉર્જાના ભાવમાં વધારો થવાના કારણે ઈંધણ રિટેલરો પર દબાણ વધ્યું છે. નાયરા દેશભરમાં ૭,૧૦૮ પેટ્રોલ પંપ ચલાવે છે. આ વર્ષે માર્ચમાં પણ નાયરાએ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો કર્યો હતો, જોકે બાદમાં તે વધારો પાછો ખેંચી લીધો હતો. ૧ જુલાઈના રોજ આંતરરાષ્ટ્રીય ક્રૂડ ઓઈલના ભાવ ઘટતા નાયરાએ પેટ્રોલમાં રૂ.૫ અને ડીઝલમાં રૂ.૩નો ઘટાડો કર્યો હતો. હવે ફરીથી ભાવ વધારવામાં આવતા વાહનચાલકોને ઈંધણ માટે વધુ નાણાં ચુકવવા પડશે. કંપની તરફથી ભાવ વધારા અંગે સત્તાવાર પ્રતિક્રિયા આપવામાં આવી નથી.

# ઉટવાળા ગામે માલણ નદીમાંથી ગેરકાયદે રેતી ઉપાડવાના આક્ષેપ, બે ચેકડેમ તોડયાની ફરિયાદ



ઉના,તા.૦૩

ઉના તાલુકાના ઉટવાળા ગામે માલણ નદીના પટમાંથી કથિત ગેરકાયદે રેતી ઉપાડવાના આક્ષેપથી ચકચાર મચી છે. ગામના ભૂપતભાઈ ઉકાભાઈ ગોહિલે મામલતદારને લેખિત અરજી કરી છેલ્લા દોઢ વર્ષથી રેતી ઉપાડાતી હોવાનો આક્ષેપ કર્યો છે. અરજી મુજબ, કેટલાક શખ્સો ટ્રેક્ટર અને જેસીબી મારફતે રેતી ઉપાડી નદી નજીકની રે.સ.નં. ૯ની જમીનમાં ઠાલવતા હોવાનો દાવો કરાયો છે.

ઉપરાંત માલણ નદી પરના બે ચેકડેમ તોડી નાખવામાં આવ્યા હોવાનો પણ ગંભીર આક્ષેપ કરાયો છે, જેના કારણે પાણી સંગ્રહ અને ખેડૂતોના હિતને નુકસાન થવાની શક્યતા વ્યક્ત કરાઈ છે. અરજદારે અગાઉ મામલતદાર કચેરી, જિલ્લા કલેક્ટર અને ખાણ-ખનિજ વિભાગમાં રજૂઆત તેમજ ૧૧૨ નંબર પર જાણ કરવા છતાં કાર્યવાહી ન થઈ હોવાનો આક્ષેપ કર્યો છે. તેમણે તાત્કાલિક સ્થળ તપાસ કરી કાર્યવાહી કરવાની માંગ કરી છે.

# સા.કુંડલાના મોટા ઝીંઝુડામાં સોલાર પ્લાન્ટ દૂર કરવાના કલેકટરના આદેશનું ઉલ્લંઘન


તસવીર : સૌરભ દોશી

સાવરકુંડલા,તા.૦૩

સાવરકુંડલા તાલુકાના મોટા ઝીંઝુડા ગામે આવેલા આદિત્ય બિરલા સોલાર પ્લાન્ટમાં ખેડૂતોની જમીનમાં કલેક્ટરની પૂર્વ પરવાનગી વગર સોલાર પ્લેટો અને પ્લાન્ટ ઉભો કરાયો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. નિયમ મુજબ જમીન બિનખેતી કરી ઔદ્યોગિક ઉપયોગની પરવાનગી મેળવ્યા બાદ પ્લાન્ટ શરૂ કરી શકાય છે. આ મામલે અમરેલી કલેક્ટરની કોર્ટમાં શરત ભંગનો કેસ ચાલ્યો હતો. કલેક્ટર દ્વારા ગેરકાયદેસર રીતે પ્લાન્ટ ઉભો કરાયેલા સર્વે નંબરો પરથી દબાણ દૂર કરવાનો આદેશ કરાયો હતો. જોકે, આદેશ બાદ પણ સાવરકુંડલા મામલતદાર દ્વારા દબાણ દૂર કરવામાં આવ્યુ નથી તેથી ત્રણ દિવસમાં કાર્યવાહી નહીં થાય તો ગુજરાત હાઈકોર્ટમાં રીટ પિટિશન કરવાની ચીમકી સાથે એડવોકેટ કેતનભાઈ ખુમાણે મામલતદારને લેખિત રજૂઆત કરી છે.

# વોલીબોલ સ્પર્ધામાં કોડીનાર એપેક્ષ એકેડેમીનો દબદબો



કોડીનાર,તા.૦૩

કોડીનાર તાલુકા કક્ષાએ યોજાયેલી ખેલ મહાકુંભ વોલીબોલ સ્પર્ધામાં એપેક્ષ એકેડેમીની ટીમોએ શાનદાર પ્રદર્શન કર્યું હતું. U-17 ટીમે પ્રથમ ક્રમ મેળવ્યો હતો, જ્યારે U-14 ટીમે દ્વિતીય ક્રમ હાંસલ કર્યો હતો. આ ઉપરાંત ઓપન એજ ગ્રુપમાં પણ એપેક્ષ એકેડેમીની ટીમે દ્વિતીય ક્રમ મેળવી સફળતા મેળવી હતી. ત્રણેય કેટેગરીમાં ખેલાડીઓના ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ શાળા પરિવાર દ્વારા ખેલાડીઓ, કોચ તથા માર્ગદર્શકોને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# તિરુપતિની ફાર્માસ્યુટિકલ કંપનીમાં બોઈલર ફાટતા પાંચના મોત



આંધ્રપ્રદેશ,તા.૦૩

આંધ્રપ્રદેશના તિરુપતિ જિલ્લામાં સત્યવેદુ મંડલના શ્રી સિટીમાં આવેલી ટીઆઈએલ હેલ્થકેર ફાર્માસ્યુટિકલ કંપનીમાં બોઈલર વિસ્ફોટથી મોટી દુર્ઘટના સર્જાઈ હતી. વિસ્ફોટમાં પાંચ કર્મચારીઓના મોત થયા છે, જ્યારે ૧૦ અન્ય કર્મચારીઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા. ઘટનાની જાણ થતાં બચાવ અને કટોકટી ટીમો સ્થળ પર પહોંચી ગઈ હતી અને ઘાયલોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. અધિકારીઓએ મૃતકોની ઓળખ જાહેર કરી નથી. અકસ્માત ટેકનિકલ ખામી, સલામતી પ્રણાલીની નિષ્ફળતા અથવા અન્ય કારણોસર થયો કે કેમ તેની તપાસ હાથ ધરાશે.

આંધ્રપ્રદેશના શિક્ષણ અને આઈટી મંત્રી નારા લોકેશે દુર્ઘટના અંગે શોક વ્યક્ત કરી ઘાયલોને શ્રેષ્ઠ સારવાર આપવા અધિકારીઓને સૂચના આપી હતી. તિરુપતિ સાંસદ મદિલા ગુરુમૂર્તિએ પણ દુઃખ વ્યક્ત કરી બચાવ કામગીરી ઝડપી બનાવવા અને અકસ્માતની સંપૂર્ણ તપાસની માંગ કરી હતી.

# ધોરાજીના ઐતિહાસિક દરબારગઢ જર્જરિત હાલતમાં, જાળવણી માટે નક્કર કામગીરીની માંગ


તસવીર : નયન કુહાડીયા

ધોરાજી,તા.૦૩

ગોંડલ સ્ટેટના ગૌરવશાળી ઈતિહાસ સાથે જોડાયેલો ધોરાજીનો ઐતિહાસિક દરબારગઢ આજે યોગ્ય જાળવણીના અભાવે અત્યંત જર્જરિત હાલતમાં પહોંચી જતાં સ્થાનિકોમાં ભારે ચિંતા વ્યાપી છે.

ગોંડલના રાજવી કુંભાજી મહારાજના સમયમાં નિર્માણ પામેલી આ ઈમારત ભવ્ય પથ્થર કોતરણી અને અદ્ભુત સ્થાપત્યકલાનો ઉત્કૃષ્ટ નમૂનો છે. મહારાજા સર ભગવતસિંહજીનો જન્મ પણ આ જ દરબારગઢમાં થયો હોવાથી આ સ્મારક ધોરાજીની ઐતિહાસિક ઓળખ સમાન છે.

પરંતુ હાલમાં પથ્થરોમાં લૂણો લાગવાથી અને જૂનું બાંધકામ ક્ષતિગ્રસ્ત થવાથી આ અમૂલ્ય વારસાને કાયમી નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. ક્ષત્રિય સમાજના અગ્રણી ગંભીરસિંહ વાળા અને સ્થાનિક અગ્રણીઓએ સરકારે રક્ષિત જાહેર કરેલી આ ઈમારતનું વૈજ્ઞાનિક ઢબે રીનોવેશન કરી, જૂની કોતરણીનું સંરક્ષણ કરવા તેમજ તેને ફરીથી હેરિટેજ અને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા તંત્ર સમક્ષ ઉગ્ર માંગ કરી છે.

# ઉનામાં ધારાસભ્ય સહિત આગેવાનો સ્વચ્છતા અભિયાનમાં જોડાયા


તસવીર : કૈલાશ ભટ્ટ

ઉના,તા.૦૩

ઉનામાં તાલુકા પંચાયત અને નગરપાલિકાએ 'સ્વચ્છતા હી સેવા' કાર્યક્રમ હેઠળ સફાઈ અભિયાન યોજ્યું હતું. 'એક દિવસ, એક કલાક સ્વચ્છતા માટે એકસાથે'ના સંદેશ સાથે શહેરના હીરા તળાવ, ક્રિષ્ના પાર્ટી પ્લોટ અને રહેણાંક વિસ્તારોમાં સફાઈ કરાઈ હતી. આ અભિયાનમાં ઉનાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ જોડાયા હતા. તેમની સાથે નગરસેવક પપ્પુભાઈ સોમજાણી, શહેર ભાજપ મહામંત્રી કિરીટભાઈ વાજા, કાંતિભાઈ છગ, હરેશભાઈ જોશી, રસિકભાઈ ચાવડા, હિતેશભાઈ જોશી, સુનિલભાઈ મૂલચંદાણી સહિત ભાજપના આગેવાનો, નગરસેવકો અને શહેરીજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા.


## CHANGE OF NAME

I, the undersigned declarant, Bhavya Hiteshbhai Shah, hereby declare that my old name have been changed. My old name was Bhavya Hiteshkumar Shah name have been changed to: Bhavya Hiteshbhai Shah Therefore, henceforth, I shall be known and identified by the above-mentioned name

## CHANGE OF NAME

I, the undersigned declarant, Krutika Hitesh Shah, hereby declare that my old name have been changed. My old name was Krutika Hiteshbhai Shah name have been changed to: Krutika Hitesh Shah Therefore, henceforth, I shall be known and identified by the above-mentioned name

# રાજયમાં ભાદરવાની ગરમીએ ભુક્કા કાઢ્યા, ચોમાસુ વિદાય લેશે

અમદાવાદ,તા.૦૩

છેલ્લા ૨૪ કલાકમાં સૌરાષ્ટ્રના છૂટાછવાયા વિસ્તારોને બાદ કરતા બાકીના ગુજરાત પ્રદેશ અને કચ્છમાં હવામાન મુખ્યત્વે સૂકું રહ્યું. વરસાદની ગેરહાજરીમાં ભાદરવાનો તાપ લોકોને અકળાવી રહ્યો છે. બે દિવસમાં રાજ્યના મહત્તમ તાપમાનમાં ૨ ડિગ્રી સેલ્સિયસનો વધારો થયો છે. શુક્રવારે ભૂજ અને ડીસા ૩૮.૯°C સાથે સૌથી ગરમ રહ્યાં.




બીજી તરફ, દક્ષિણ-પશ્ચિમ ચોમાસાની વાપસીની રેખા રાજ્યના ડીસા અને નલિયા પરથી પસાર થઈ રહી છે. આગામી ૨૪ કલાકમાં ચોમાસું ગુજરાતના મોટા ભાગના વિસ્તારોમાંથી વિદાય લે તેવી સાનુકૂળ પરિસ્થિતિઓ

**હાલ વરસાદની કોઈ શક્યતા નહી, હવામાન સુકુ રહેશે**

સર્જાઈ રહી છે. હવામાન વિભાગ દ્વારા આગામી ૭ દિવસ દીવ, દમણ અને દાદરા નાગર હવેલી સહિત રાજ્યના તમામ જિલ્લાઓમાં હવામાન સંપૂર્ણપણે સૂકું રહેવાની શક્યતા વ્યક્ત કરી છે. આ સમયગાળામાં કોઈ ભારે વરસાદની શક્યતા નથી.

# ગીર ગઢડાના ખંભાળા વિસ્તારમાં શ્રમિક પરિવારના પુત્રને દીપડાએ ફાડી ખાધો

ઉના,તા.૦૩

ગીર ગઢડાના સણોસરીના ખંભાળા વિસ્તારમાં બાલુભાઈ ભગુભાઈ કાતરીયાની વાડીમાં ખેતમજૂરી અર્થે ગોધરાથી આવેલ ગિરીશભાઈ બામણીયાના પરિવાર સાથે ગત રાત્રે કરૂણ બનાવ બન્યો હતો. પરિવાર દોઢ બે મહિનાથી વાડીમાં રહેતો હતો. રાત્રે ભોજન બાદ પરિવારજનો આશરે ૧૨ ફૂટ ઊંચા ધાબા પર સુવા ગયા



હતા. માતા-પિતાની વચ્ચે સૂતેલા ત્રણ વર્ષના પુત્ર ચેતનને લાકડાની સીડી વાટે ધાબા પર આવેલા દીપડાએ અચાનક મોઢામાં દબોચી લીધો હતો. પિતાએ ભારે પ્રતિકાર કર્યો છતાં દીપડો બાળકને લઈને શાકભાજી અને જુવારના ખેતર તરફ ભાગી ગયો હતો. બનાવની જાણ થતાં વાડી માલિક કાંતિભાઈ લાડુમોર, ગ્રામજનો અને જસાધાર રેન્જના RFO કે.સી. ચૌહાણ સહિત વનવિભાગની ટીમ સ્થળે પહોંચી હતી. રાત્રે સઘન શોધખોળ બાદ જુવારના ખેતરમાંથી ચેતનનો ગળા અને પેટના ભાગે ગંભીર ઈજાઓ સાથે મૃતદેહ મળી આવ્યો હતો. પીએમ બાદ મૃતદેહ પરિવારને સોંપતા તેઓ ગોધરા જવા રવાના થયા હતા.

# રાજકોટમાં સામાન્ય બોલાચાલી બાદ પ્રૌઢની હત્યા

રાજકોટ,તા.૦૩

રાજકોટ એક સમયે શાંત અને સલામત શહેર તરીકે ઓળખાતુ હતુ, પરંતુ હવે સામાન્ય બાબતોમાં પણ હત્યા જેવી ગંભીર ઘટનાઓ બની રહી છે.

ગોંડલ ચોકડી નજીકના જૂના ગણેશનગરમાં રહેતા અને રિક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતા ૫૬ વર્ષીય ઈકબાલભાઈની જંગલેશ્વર મેઈન રોડ પર લોખંડના પાઈપના ઘા મારી નિર્મમ હત્યા કરાઈ છે. મળતી માહિતી મુજબ ગઈકાલે રાત્રે સામે જોવા જેવી સામાન્ય બાબતે ઈકબાલભાઈ અને



જંગલેશ્વરમાં રહેતા દાનીશ અમીનભાઈ વચ્ચે બોલાચાલી અને માથાકૂટ થઈ હતી. બાદમાં ઈકબાલભાઈએ પુત્ર સોહિલને ફોન કરી દાનીશ સાથે થયેલા ઝઘડા અંગે વાત કરી હતી. મોડી રાત્રે સોહિલના મિત્રએ ફોન કરી પિતાને લોહીલુહાણ અને બેભાન હાલતમાં નિસ્બત પાન પાસે પડેલા હોવાની જાણ કરી હતી. બનાવને પગલે પોલીસએ હત્યાનો ગુનો નોંધી આરોપીઓને ઝડપી પાડવા તપાસ હાથ ધરી છે.

# અમદાવાદના ઈસનપુર વિસ્તારમાં વિદ્યાર્થીના મોતથી ચકચાર

અમદાવાદ,તા.૦૩

અમદાવાદના ઈસનપુર વિસ્તારમાં તીર્થભૂમિ એપાર્ટમેન્ટના કમ્પાઉન્ડમાંથી ૨૧ વર્ષીય કોલેજીયન યુવક ગંભીર હાલતમાં મળી આવતા ચકચાર મચી છે. અજાણ્યા શખસોએ બોથડ પદાર્થ વડે યુવકને ઢોર માર મારી નગ્ન હાલતમાં ફેંકી ફરાર થઈ ગયા હતા. ગંભીર રીતે ઈજાગ્રસ્ત જીગર સોલંકીને હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયો હતો, જ્યાં ટૂંકી સારવાર બાદ તેનું મોત નિપજ્યું હતું. જીગર મિત્રોને મળવાનું કહી બાઈક લઈને ઘરેથી નીકળ્યો હતો. બનાવ અંગે ઈસનપુર પોલીસે અજાણ્યા શખસો સામે હત્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. મૃતક દોઢ વર્ષથી ગોતા સિલ્વર ઓક કોલેજમાં બી.વોક ફાયનાન્સમાં અભ્યાસ કરતો હતો.




# અનામત મુદ્દે સવર્ણ સમાજ વિશે શંકરસિંહ વાઘેલાના નિવેદનથી વિવાદ

નર્મદા,તા.૦૩

નર્મદાના સાગબારાના ખોપી ખાતે ૨ ઓક્ટોબરે વન અધિકાર સત્યાગ્રહમાં પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ અનામત અને આદિવાસી સમાજ અંગે આપેલા નિવેદનથી ગુજરાતના રાજકારણમાં ગરમાવો આવ્યો છે. તેમણે કહ્યું હતું કે, અનામત કોઈ મહેરબાનીથી આપવામાં આવી નથી, પરંતુ આ સમાજે આખી જિંદગી ભોગવ્યું છે. મેલું ઉપાડવાની નોકરી કરવી



હોય તો વિરોધ કરનાર કોઈપણ સમાજના લોકોને મહિને રૂ.૫૦ હજાર પગાર આપવાની વાત પણ કરી હતી. આ નિવેદનનો બ્રહ્મ સમાજના અગ્રણી અને ભાજપ નેતા યજ્ઞેશ દવે તથા પાટીદાર આગેવાન અલ્પેશ કથીરિયાએ વિરોધ કર્યો છે. યજ્ઞેશ દવેએ બાપુને આવા કામની શરૂઆત પોતાના જાતથી કરવા જણાવી, પોતાનું ઘરનું મેલું ઉપાડવા બદલ મહિને પાંચ લાખ રૂપિયા આપવાની વાત કરી હતી. વાઘેલાએ સરકારને નકામી ગણાવી તેને બદલી કાઢવા અને આદિવાસીઓના અલગ ભીલિસ્તાન રાજ્યને પોતાનું સમર્થન હોવાનુ જણાવ્યું હતું. તેમણે અનામતના દુશ્મન તરીકે દિલ્હી અને ગાંધીનગરમાં બેઠેલા લોકોને પણ ગણાવ્યા હતા.







# સા.કુંડલા સહિત ૫૬ એસ.ટી. બસ સ્ટેશનોના ટોયલેટ બ્લોક થશે આધુનિક

ગાંધીનગર,તા.૦૩

રાજ્યના એસ.ટી. બસ સ્ટેશનો પર સ્વચ્છતા અને આધુનિક સુવિધાઓ સુનિશ્ચિત કરવા ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમે 'ટોયલેટ બ્લોક અપગ્રેડેશન' ડ્રાઈવ શરૂ કરી છે. આ ઝુંબેશ હેઠળ ૫૬ બસ સ્ટેશનોમાં સમારકામ હાથ ધરાશે. જેમાં સાવરકુંડલા, વાંસદા, ધંધુકા, ઉમરાળા, પાલિતાણા અને ઢસા સહિત ૬ બસ સ્ટેશનો પર કામગીરી પૂર્ણ થઈ છે. ૧૭ બસ સ્ટેશનોમાં કામ પ્રગતિ હેઠળ છે, જ્યારે બાકીના ૩૩ બસ સ્ટેશનોનું કામ આગામી ૮ થી ૧૨ મહિનામાં પૂર્ણ કરાશે, જેથી મુસાફરોને બસ સ્ટેશનો પર સ્વચ્છ અને સુવિધાયુક્ત વાતાવરણ મળશે.




